નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053    RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date : 11 DECEMBER 2024 | WEDNESDAY | Page : 8 | Year : 2 | Issue : 213 | Price: 2/-



આવાસો બન્યા આસામાજિક તત્વોના અડ્ડા રાજકોટમાં નવા નક્કોર 3300 આવાસ ધૂળ ખાતી હાલતમાં

જુઓ પેજ નં.૧૩

# મણિપુરમાં ૧૧૦૦૦ ઘર બળીને ખાખ

## હોસ્પિટલમાં દવા નથી

મણિપુર, તા. ૧૦ઃ ઈમ્ફાલ ટાઉનમાં કર્ફ્યુ દરમિયાન ૧૦૦થી વધુ મહિલાઓ ઘરનું કામ છોડીને રસ્તા પર બેસી ગઈ છે. ૨૮ નવેમ્બરે જ્યારે અમે ત્યાં પહોંચ્યા તો અમે બધાના હાથમાં બેનરો જોયા, જેના પર લખ્યું હતું- સીએમ બિરેન સર, મણિપુરને બચાવો. આ મહિલાઓ મૈતેઇ સમુદાયની છે. મણિપુરમાં હિંસા શરૂ થઈ ત્યારથી આ સમુદાય સીએમ બિરેન સિંહના સમર્થનમાં છે. સરકાર સામે આ મહિલાઓનો ગુસ્સો અચાનક નથી ફાટી નીકળ્યો. મણિપુર ૩ મે, ૨૦૨૩થી હિંસાની આગમાં સળગી રહ્યું છે. છેલ્લા ૫૮૮ દિવસમાં લગભગ ૧૫૦ ગામો, ૪ હજારથી વધુ ઘરો અને ૩૦૦ ધાર્મિક સ્થળો (ચર્ચ અને મંદિરો) સળગાવી દેવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ૨૪૦ લોકોનાં મોત થયા છે. ૧૫૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે અને ૬૦ હજાર લોકો બેઘર છે અને રાહત શિબિરોમાં રહે છે. ૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ જીરીબામ જિલ્લામાં હિંસા ફાટી નીકળ્યા પછી બંધ કરાયેલી શાળાઓ, ૨૯ નવેમ્બરના રોજ ૨૧ દિવસ પછી ફરીથી ખોલવામાં આવી હતી. ઈમ્ફાલમાં બાળકો શાળાએ પહોંચી રહ્યા છે, પરંતુ કુકી ગામોની શાળાઓ હજુ પણ ખાલી છે. અહીં ક્લાસરૂમ રાહત શિબિરોની સ્થાપના કરવામાં આવી છે. ૧૦-૧૨ના બાળકોએ અભ્યાસ છોડી ગામને બચાવવા માટે સ્વયંસેવક બન્યા છે. તેમના હાથમાં પુસ્તકોની જગ્યાએ બંદૂકો આવી ગઈ છે. હિંસાની અસર ખેડૂતો પર પણ પડી છે. ડાંગરની કાપણીનો આ સમય છે, પરંતુ પહાડોમાંથી આવતી ગોળીઓથી ખેડૂતો ડરી ગયા છે. ઈમ્ફાલથી ૬૦ કિલોમીટર દૂર ચુરાચંદપુરમાં સ્થિતિ સૌથી ખરાબ છે. અહીંના તણાવ વચ્ચે હોસ્પિટલમાં દવાઓનો સ્ટોક ખતમ થઈ રહ્યો છે. આવશ્યક દવાઓ લઈને આવતા વાહનો એક મહિનાથી મોડા આવી રહ્યા છે.



મણિપુરમાં સ્કૂલો બંધ, બાળકોએ બંદૂક ઉઠાવી

# ધર્મના આધારે અનામત આપી શકાય નહીંઃ સુપ્રિમ

- **પશ્ચિમ બંગાળમાં ઓબીસી અનામતમાં મુસ્લિમોને જોડવાના મમતા સરકારના કાનુન મુદ્દે કોલકત્તા હાઈકોર્ટના આદેશ સામે સુપ્રિમમાં સુનાવણી મૌખીક નિરીક્ષણમાં સ્પષ્ટ કર્યું**



નવી દિલ્હીઃ દેશમાં અનામત અંગે અલગ-અલગ માપદંડ અને આધાર અપનાવવા સામે સુપ્રિમ કોર્ટે એક મહત્વના ચૂકાદામાં જણાવ્યું હતું કે ધર્મના આધારે અનામત આપી શકાય નહીં. સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ બી.આર. ગવઈની ખંડપીઠે પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા ઓબીસી અનામતના ૭૭ જેટલી જ્ઞાતિઓને સમાવ્યા હતા જેમાં મોટા ભાગના મુસ્લિમ હતા. કોલકત્તા હાઈકોર્ટે જો કે રાજ્ય સરકારના આ અનામત નિર્ણયને રદ કર્યો હતો.

જેની સામે પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રિમમાં અરજી કરી હતી. સર્વોચ્ચ અદાલતે તેના મૌખિક નિરીક્ષણ દરમ્યાન જણાવ્યું હતું કે તેઓ આ મુદ્દા પર ૭ જાન્યુઆરી-૨૦૨૫ના વધુ સુનાવણી કરશે પરંતુ ન્યાયમૂર્તિ ગવઈએ પોતાના મૌખિક નિરીક્ષણમાં એ સ્પષ્ટ કર્યું હતું કે ધર્મના આધારે અનામતની કોઈ જોગવાઈ બંધારણમાં નથી. પશ્ચિમ બંગાળ સરકાર વતી સીનીયર ધારાશાસ્ત્રી કપિલ સીબ્બલે દલીલ કરતાં જણાવ્યું હતું કે આ અનામત કોઈ ધર્મના આધારે નહીં પરંતુ જે-તે સમુદાયના પછાતપણાના આધારે આપવામાં આવી છે.

તેમણે કોલકત્તા હાઈકોર્ટના આદેશને રદ કરતો વચગાળાના હુકમની માંગણી કરી હતી. આ સમયે ખંડપીઠે નિરિક્ષણ વ્યકત કર્યું હતું કે ધર્મના આધારે અનામત આપી શકાય નહીં. જો કે સિબ્બલે વળતી દલીલમાં જણાવ્યું હતું કે દરેક સમુદાયમાં પછાતપણું આવી ગયું છે ધર્મ તેના માટે કોઈ આધાર નથી. તેમણે રંગનાથન કમીશનનો હવાલો પણ આપ્યો હતો અને કહ્યું હતું કે તેમાં પણ જે સમુદાય પછાત હોય તેને અનામતનો લાભ આપવાની ભલામણ કરવામાં આવી છે.

કોલકત્તા હાઈકોર્ટના આદેશના આધારિત છે જેને પણ મુસ્લિમોને અનામતનો માન્ય અધિકાર ન હતો પરંતુ સુપ્રિમ કોર્ટે તેના પર સ્ટે આપ્યો છે અને તેની સુનાવણી બાકી છે. તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળ સરકારે સર્વે અને માન્ય ડેટાના આધારે આ અનામત આપી છે. તેમણે હાઈકોર્ટના એ આદેશ સામે પણ પ્રશ્ન ઉઠાવ્યો કે ૨૦૧૨ના પશ્ચિમ બંગાળ સરકારે જે અનામત અંગે ખરડો પસાર કર્યો છે તેમાં પણ સરકારને આ પ્રકારની સત્તા છે.

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Dt. 11/12/2024 WEDNESDAY 02



## તંત્રી લેખ
-રાજેશ યુ. બગડાઈ

# મમતા દીદીની મક્કમતા કે મમત્વ? ગઠબંધનોમાં ગરબડ...



સંસદમાં સટાસટી બોલી રહી છે, જ્યારે મહારાષ્ટ્રની મહાયુતિમાં મુંઝવણ વધી રહી હોય તેમ ખાતાની વહેંચણીના મુદ્દે ખેંચતાણના અહેવાલો પછી હવે શું થાય છે, તેના પર સૌ કોઈની મીટ મંડાયેલી છે. એવુ કહેવાય છે કે એકનાથ શિંદેની અકળામણ વધી રહી છે. (અજીત) પવારનો પ્રભાવ વધી રહ્યો છે અને ભાજપનું પોતાના જ ગઠબંધનનું કોકડું ગુંચવાયા પછી અનિશ્ચિતતા અને અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું હોય તેમ જણાય છે. રાષ્ટ્રીય કક્ષાએ પણ ગઠબંધનોમાં ગરબડ જોવા મળી રહી હોય તેમ રામવિલાસનો 'ચિરાગ' ચતુરાઈપૂર્વક રાજરમત રમી રહ્યો હોય તેમ જણાય છે, જ્યારે તેજસ્વીના તીખારા પણ વધી રહ્યા છે. આ બધા વચ્ચે પડોશી રાજ્ય પ. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનું નવું 'રાષ્ટ્રવાદી' વલણ પણ સામે આવ્યું છે, અને બાંગ્લાદેશમાં થતી હિંસા અને હિન્દુઓ પર થતા અત્યાચારોને લઈને તેમણે કરેલું નિવેદન કેન્દ્ર સરકારની વિદેશનીતિને અનુકૂળ અને અનુરૂપ હોય તેવું જણાય છે. મમતાદીદીએ બાંગ્લાદેશની રખેવાળ સરકારને ઝાટકી નાંખી છે અને કહ્યું છે કે કોઈની હિંમત નથી કે તેઓ બંગાળ, બિહાર અને ઓડિશા પર કબજો જમાવે. કોઈ આવી હરકત કરે અને આપણે (ભારત) લોલીપોપ ખાતા ખાતા એવું થતા જોતા રહીશું, તેવું માનવાની જરૂર નથી. અમે ધીરજ રાખી છે, તેને નબળાઈ માનવાની ભૂલ કરતા નહીં. તેણીએ રાષ્ટ્રીય રણનીતિને અનુરૂપ જ બાંગ્લાદેશને ચેતવતા કહ્યું છે કે અમે (ભારત) ખૂબ જ સક્ષમ છીએ અને એ પણ જાણીએ છીએ કે ધીરજ કેવી રીતે રાખવી. અમારે (ભારત) બાંગ્લાદેશની રાજનીતિ સાથે કોઈ લેવાદેવા નથી અને અમને ઉશ્કેરણી કરવામાં પણ કોઈ રસ નથી. અમે બાંગ્લાદેશમાં વસવાટ કરતા ભારતીયોની સુરક્ષા જ ઈચ્છીએ છીએ. બાંગ્લાદેશમાં થતી હિંસાના સંદર્ભે તેણીએ કહ્યું કે સરહદોની રક્ષા બીએસએફ કરે છે. સરહદોનો વિકાસ કેન્દ્રનો છે. મમતા બેનર્જીનું આ વલણ તેણીની મક્કમતા દર્શાવે છે. બીજી તરફ બાંગ્લાદેશ પહોંચેલા ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી પર પણ સૌ કોઈની નજર મંડાયેલી છે, અને તંગદિલી ઘટાડવાના પ્રયાસો વધી રહ્યા છે, ત્યારે બાંગ્લાદેશ સાથે કોઈ મહત્ત્વપૂર્ણ સમજુતિની દિશામાં આ એક સમજદારીપૂર્વક લીધેલું કદમ ગણાય છે.

રાષ્ટ્રીય રાજનીતિમાં પણ મમતા દીદીનો સિતારો ચમકી શકે છે. ઈન્ડિયા ગઠબંધનનું નેતૃત્વ તૃણમુલ કોંગ્રેસ કરે અને તેના વડા મમતા બેનર્જી બને, તે પ્રકારની સોશ્યલ મીડિયામાં જબરદસ્ત ઝુંબેશ વચ્ચે ઈન્ડિયા ગઠબંધનમાં ગરબડ સર્જાઈ હોવાના અહેવાલો છે. આ પ્રકારના ઘટનાક્રમો એવું સૂચવે છે કે રાજનીતિમાં કોઈ કાયમી દુશ્મન કે દોસ્ત હોતા જ નથી, અને બધા પક્ષો પોતાનું હિત જ વિચારતા હોય છે. રાહુલ ગાંધીના બદલે મમતા બેનર્જીને ઈન્ડિયા ગઠબંધનનું નેતૃત્વ સોંપવામાં આવે, અને એનડીએ ગઠબંધનમાં (સંભવિત) ગરબડના કારણે વર્તમાન કેન્દ્ર સરકાર તૂટી પડે, તો મમતા બેનર્જીને વડાપ્રધાન બનાવવામાં આવે, તેવા અભિપ્રાયો પણ વ્યક્ત થવા લાગ્યા છે, ત્યારે હવે રાહુલ-પ્રિયંકા અને ખડગે તૃણમુલ કોંગ્રેસને લઈને કેવું વલણ અપનાવે છે, તે જોવાનું રહેશે.

જો કે, તૃણમુલ કોંગ્રેસમાં પણ મમતા બેનર્જીના ઉત્તરાધિકારીના મુદ્દે વિવાદ વકર્યો હોવાના અહેવાલો આવી રહ્યા છે, અને અંતરંગ વર્તુળોને ટાંકીને એવું કહેવામાં આવી રહ્યું છે કે ટીએમસીના સિનિયર નેતાઓ મમતા બેનર્જીના ભત્રીજાને પાર્ટીનું નેતૃત્વ સીધેસીધુ જ સોંપી દેવાના મૂડમાં નથી, અને તેથી જ બેનર્જીએ એવું નિવેદન આપવું પડ્યું હશે કે વિવાદ વકરે નહીં અને ઘીના ઠામમાં ઘી પડી રહે... આને મમતા દીદીની મક્કમતા ગણવી કે મમત્વનું પરિણામ?

# ખેડૂત આંદોલનને લઈને મોટા સમાચાર ૧૪ ડિસેમ્બરે દિલ્હી કૂચ કરશે ખેડૂતો, પંઢેરનું એલાન



નવી દિલ્હી, તા. ૧૦ઃ શંભુ બોર્ડર પર બેઠેલા ખેડૂતોએ ફરી એકવાર દિલ્હી કૂચનું એલાન કર્યું છે. ખેડૂત નેતા સરવણ સિંહ પંઢેરે મંગળવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, હવે અમે ૧૪ ડિસેમ્બરે દિલ્હી તરફ કૂચ કરીશું. અમારા પ્રદર્શનને ૩૦૩ દિવસ પૂરા થઈ ચૂક્યા છે અને ખેડૂતોના આમરણ ઉપવાસ પણ ૧૫માં દિવસ પર પહોંચી ગયા છે. અમે હંમેશા વાતચીતનું સ્વાગત કર્યું છે, પરંતુ સરકાર તરફથી કોઈએ અમારો સંપર્ક નથી કર્યો. તેમણે કહ્યું કે, બંને સંગઠનોએ નક્કી કર્યું છે કે અમે ૧૪ ડિસેમ્બરે ૧૦૧ ખેડૂતોને મોકલીશું. આવતીકાલે અમે ખેડૂતોના આંદોલનની સફળતા માટે પ્રાર્થના કરીશું. અમે એ ખેડૂતોને મુક્ત કરવાની માંગ કરીએ છીએ જેમની વિરોધ પ્રદર્શન દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી અથવા અટકાયત કરવામાં આવી હતી. હું અમારા ફિલ્મ સ્ટાર્સ, સિંગર અને ધાર્મિક નેતાઓને પણ વિનંતી કરવા માગુ છું કે કૃપા કરીને પ્રદર્શન કરતા અમારા વિરોધનો પ્રચાર કરો.

આ પહેલા સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મજદૂર મોરચાના બેનર હેઠળ ૧૦૧ ખેડૂતોના જૂથે ૬ અને ૮ ડિસેમ્બરે પગપાળા દિલ્હી જવાના બે વખત પ્રયાસો કર્યા હતા, પરંતુ હરિયાણાના સુરક્ષા કર્મચારીઓએ તેમને આગળ વધવા નહોતા દીધા. આ દરમિયાન ખેડૂતો અને સુરક્ષા દળો વચ્ચે ઘર્ષણ જેવી સ્થિતિ સર્જાઈ હતી, ત્યારબાદ ખેડૂતોને પાછળ ધકેલવા માટે ટીયર ગેસના શેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ઘણા ખેડૂતો ઘાયલ પણ થયા હતા. પંજાબ-હરિયાણાના શંભુ બોર્ડર ( ) પર ખેડૂતો પોતાની માંગણીઓને લઈ ઉગ્ર દેખાવો કરી રહ્યા છે. ખેડૂતો બોર્ડર પર શુક્રવારથી દેખાવ-પ્રદર્શનો સાથે દિલ્હી કૂચ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# ગુજરાતમાં કાશ્મીરનો અનુભવ કરાવતી ઠંડીઃ એક જ દિવસમાં ૧થી ૬ ડિગ્રી તાપમાન ઘટી જતાં લોકો ઠૂઠવાઈ ગયા

અમદાવાદ, તા. ૧૦ઃ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા રાજ્યના લોકોને ધ્રુજાવી દેતી ઠંડીની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી ૭૨ કલાક દરમિયાન અનેક જિલ્લાઓમાં ગાત્રો થીજવી દેતી ઠંડીની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા પણ સૌરાષ્ટ્ર-કચ્છમાં કોલ્ડવેવની અસર વર્તાવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. આજે સવારથી જ રાજ્યમાં લોકો કાશ્મીર જેવી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. તાપમાનનો પારો એક જ રાતમાં ૧થી ૬ ડિગ્રી ઘટી જતાં લોકો ઠૂઠવાઈ ગયા છે. રાજ્યમાં સિઝનનું સૌથી ઓછું ૬.૪ ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું છે.

રાજ્યમાં ચાલુ સિઝનમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૬.૪ ડિગ્રી નોંધાયું છે. આ ઉપરાંત અન્ય મહત્ત્વનાં શહેરોની વાત કરીએ તો... વડોદરામાં ૧૦.૨ ડિગ્રી, ડીસામાં ૧૦.૩ ડિગ્રી, રાજકોટમાં ૧૧.૩ ડિગ્રી, ભુજમાં ૧૧.૪ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૨.૭ ડિગ્રી, અમદાવાદમાં ૧૩.૭ ડિગ્રી અને સુરતમાં ૧૪.૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે. રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન મોટા ભાગનાં શહેરોમાં ૧થી લઈ ૬ ડિગ્રી સુધીનું તાપમાન ઘટી જતાં જનજીવનને માઠી અસર પડી છે. અચાનક જ આવેલા તાપમાનમાં ઘટાડાના કારણે લોકો ઠંડીથી બચવા માટે ગરમ કપડાં અને તાપણાનો સહારો લેતા જોવા મળી રહ્યા છે.

અમદાવાદ શહેરમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૩.૭ ડિગ્રી નોંધાયું છે, પરંતુ ઠંડીની સાથે સાથે બર્ફીલો પવન ફૂંકાતાં લોકોએ અમદાવાદમાં માઉન્ટ આબુ જેવા વાતાવરણનો અનુભવ કર્યો હતો. અંબાલાલ પટેલે ઠંડીની આગાહી કરતાં જણાવ્યું હતું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતમાં ઠંડીનું જોર ઘટ્યું હતુ, પરંતુ હાલમાં ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે. હાલમાં ધીમી અસરોથી ઠંડી વધતાં હવે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આગામી ૭૨ કલાકમાં ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને પંચમહાલ જેવા જિલ્લામાં કાતિલ ઠંડી પડી શકે છે.





# લો એન્ડ ઓર્ડરમાં એડીજીપી ડો. રાજકુમાર પાંડિયનની નિમણુંક


## સુરત રેન્જમાં બુટલેગરોનો સફાયો કર્યો હતો ગુનેગારોને કાયદાનું ભાન કરાવનાર આ અધિકારી છે

- સુરત રેન્જમાં અકસ્માત વધુ બનતા હતા ત્યારે ફસ્ટ ટ્રેક પર ટ્રક કે ભારે વાહનો ચલાવતા વિરુદ્ધ કાર્યવાહીના આદેશ ડો. રાજકુમાર પાંડિયનએ આપ્યા હતા જેણે લોકોના દિલ જીતી લીધા હતા
- કોરોના કાળમાં સુરત રેન્જ વડામાં હતા ત્યારે ડો રાજકુમાર પાંડિયન લોકોને મદદ કરવામાં આગવું સ્થાન લીધું હતું
- CID ક્રાઇમમાંથી લો એન્ડ ઓડેરમાં એડીજીપી ડો રાજકુમાર પાંડિયનની નિમણુંક કરવામાં આવી છે CID ક્રાઇમએ ડો. રાજકુમાર પાંડિયનના માર્ગદર્શનમાં રાજ્યમાં મોટા કૌભાંડો ખોલ્યા હતા









વલસાડ : (કાર્તિક બાવીશી ) રાજ્ય સરકાર દ્વારા આઈપીએસ અધિકારીની બદલીનો ઘાણવો કાઢવામાં આવ્યો છે ત્યારે વાત કરીએ એવા અધિકારીની જેણે ગુનેગારોનો સુરત રેન્જમાં હતા ત્યારે સફાયો કર્યો હતો સુરત રેન્જમાં જ્યારે ડો રાજકુમાર પાંડિયન હતા ત્યારે કોરોના કાળમાં સામાન્ય નાગરિકો મદદ કરવામાં આ અધિકારી આગળ હતા એવા અનેક કિસા છે ગુનેગારોની માહિતી મળતાની સાથે તરત એકશન લેવા માટે આ અધિકારી એ લોકોના દિલ જીતી લીધા હતા સુરત રેન્જમાં બુટલેગરોનો સફાયો કર્યો હતો ગુનેગારોને કાયદાનું ભાન કરાવનાર આ અધિકારી છે. સુરત રેન્જમાં અકસ્માત વધુ બનતા હતા ત્યારે ફસ્ટ ટ્રેક પર ટ્રક કે ભારે વાહનો ચલાવતા વિરુદ્ધ કાર્યવાહીના આદેશ ડો. રાજકુમાર પાંડિયનએ આપ્યા હતા જેણે લોકો ના દિલ જીતી લીધા હતા અને આ નિર્ણયે અનેક પરિવારનો દિપક બચાવ્યો હતો CID ક્રાઇમમાંથી લો એન્ડ ઓડેરમાં એડીજીપી ડો. રાજકુમાર પાંડિયનની નિમણુંક કરવામાં આવી છે CID ક્રાઇમએ ડો. રાજકુમાર પાંડિયનના માર્ગદર્શનમાં રાજ્યમાં મોટા કૌભાંડો ખોલ્યા હતા.

અહેવાલઃ કાર્તિક બાવીશી

# રાજકોટ રેલ્વે ડિવિઝન દ્વારા પેન્શનરો માટે 'ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ' ઝુંબેશ શરૂ કરવામાં આવી

રાજકોટ, તા. ૧૦: રાજકોટ રેલ્વે ડિવિઝન દ્વારા પેન્શનરો/ફેમિલી પેન્શનરો માટે સ્પેશિયલ ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (ઉક્ઈ) ઝુંબેશ ૩.૦ તાજેતરમાં શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશને વિવિધ પ્લેટફોર્મ્સ, પેન્શનર્સ એસોસિએશનો અને સોશિયલ મીડિયા પર પ્રચાર કરવામાં આવી રહ્યો છે જેથી પેન્શનરોને તેમના જીવન પ્રમાણપત્રને ડિજિટલ રીતે સબમિટ કરવાની સુવિધા અને લાભ મળે. પેન્શનરો માટે, પેન્શન લાભો મેળવવા માટે બેંકોમાં જીવન પ્રમાણપત્ર જેવા મહત્વપૂર્ણ દસ્તાવેજો સબમિટ કરવા જરૂરી છે. પેપરવર્ક કેટલીકવાર વૃદ્ધો માટે શારીરિક રીતે બેંક સુધી પહોંચવા માટે કંટાળાજનક અને ચિંતાજનક પ્રક્રિયા બની શકે છે. પ્રક્રિયાને સરળ બનાવવા માટે, પશ્ચિમ રેલ્વેએ ખાસ ઉક્ઈ ઝુંબેશ શરૂ કરી, પેન્શનધારકોને તેમના ઘરની આરામથી, નિયત તારીખ પહેલાં તેમનું જીવન પ્રમાણપત્ર સબમિટ કરવાના મહત્વ વિશે



સંવેદનશીલ બનાવ્યું. રાજકોટ ડિવિઝનમાં પર્સનલ વિભાગના સંકલનમાં એકાઉન્ટ વિભાગના કર્મચારીઓ દ્વારા નવેમ્બર મહિનામાં પૂર્ણ સમયની ડીએલસી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સ્થળની આસપાસ અનેક શિબિરો ગોઠવવામાં આવી હતી અને બેંકોમાં સુવિધા કેન્દ્રો સ્થાપવામાં આવ્યા હતા, જે પેન્શનરો/કૌટુંબિક પેન્શનરો માટે તેમના જીવન પ્રમાણપત્રો ડિજિટલ રીતે સબમિટ કરવાનું સરળ અને સરળ બનાવે છે. આ એકમો દ્વારા વિવિધ કાર્યક્રમો જેવા કે સેમિનાર, બેંકોના શાખા સંચાલકો સાથે વિડીયો કોન્ફરન્સીંગ અને બેંકોમાં સુવિધા કાઉન્ટરોની સ્થાપના કરવામાં આવી હતી. રાજકોટ ડિવિઝનમાં વિવિધ સ્થળો અને સ્ટેશનો પર અનેક શિબિરો, સેમિનાર અને બેંકોમાં સુવિધા કાઉન્ટરોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરોમાં મોટી સંખ્યામાં પેન્શનરોએ ભાગ લીધો હતો અને લગભગ ૪૦ પેન્શનરોએ તેમના જીવન પ્રમાણપત્રો ડિજિટલ રીતે સબમિટ કર્યા હતા. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય પેન્શનરોમાં નિયત તારીખ પહેલાં જીવન પ્રમાણપત્ર સબમિટ કરવાના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો હતો. વ્યાપક પ્રચાર દ્વારા, ઘણા પેન્શનરોએ બેંકની મુલાકાત લીધા વિના તેમના અક્ષમઙ્ગિશમ ઉપકરણ દ્વારા તેમના ઘરેથી આરામથી DLC જમા કરાવ્યા છે અને અન્ય પેન્શનરો સાથે WhatsApp દ્વારા પ્રક્રિયા અને લાભો પણ શેર કર્યા છે. NPS ના ફેમિલી પેન્શનરોને પણ આ અભિયાનમાં સામેલ કરવામાં આવ્યા હતા.

## ઉપલેટા તાલુકાના વરજાંગ જાળિયા ગામમાં અગ્નીવિરની તાલીમ પુરી કરી પરત આવતાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

ધોરાજી, તા. ૧૦: ઉપલેટા તાલુકાના વરજાંગ જાળિયા ગામે રહેતા વિવેક પ્રવિણભાઈ છૈયાનુ સપનુ હતુ કે આર્મી મા ભરતી થાયને દેશની સેવા કરવી અને આગ્નીવીર માં ભરતી થય અને ટ્રેનીંગ પુરી કરી પ્રથમ વખત ઘરે આવતાં વિવેક ના માતા પિતા સગા સબંધી તથા ગામ લોકોએ ભવ્ય સ્વાગત કર્યું હતું.

દેશભક્તિનાં ગીતો સાથે ગામલોકો એ યુવાન ને હર્ષ ભેર વધાવ્યો હતો. માં ભારતી ની સેવા માંથી વતન આવેલો યુવાન વિવેક છૈયા એમની જન્મદાત્રી માતા નાં પગ ચૂમી ને વાતાવરણ ને લાગણીસભર બનાવી દીધું હતું . માં ભારતી ને સેવા માંથી વતન માં આવેલો યુવાન ની માતાપિતા પ્રત્યે ની ભાવના જોઈ ને સૌ યુવાનો માટે



તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

પ્રેરણા રૂપ બની રહી હતી અને ભારત માતા કી જય નાં નારા થી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. માહિતી ગામનાં અગ્રણી શિક્ષક અને વિવેકભાઈ નાં ખાસ મિત્ર નિલેશ મકવાણા એ આપી હતી.

## ધંધો રોજગાર શરૂ કરવા મનપા દ્વારા ૨ લાખની લોન

- બેંન્કેબલ યોજનામાં ૭% ઉપરના વ્યાજમાં સબસીડી આપતી વ્યવસ્થા

રાજકોટ, તા.૧૦: મહાનગરપાલિકા પ્રોજેક્ટ શાખા દ્વારા શહેરના રોજગાર વાન્છુક લોકો માટે સ્વ-રોજગાર બેંકેબલ યોજના હેઠળ ધંધો રોજગાર શરૂ કરવા માટે રૂ.૨,૦૦,૦૦૦ની મહત્તમ મર્યાદામાં રાષ્ટ્રીયકૃત બેંક મારફત ધિરાણ મળવાપાત્ર બનાવાયું છે. આ યોજનાના લાભાર્થીને ૭%થી વધુ વ્યાજ ઉપર વ્યાજ સબસીડી મળવાપાત્ર છે. આ યોજનાનો લાભ લેવા માટે સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજનાનું બી.પી.એલ.કાર્ડ, બી.પી.એલ., રેશનકાર્ડ, આવાસના લાભાર્થી તથા અનુ,જાતિ, અનુ,જનજાતિના લાભાર્થીઓ તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-આયુષ્યમાન ભારત કાર્ડ ધરાવતા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળી શકે. લોન ભરપાઈ કરવાનો સમયગાળો ૫ વર્ષથી ૭ વર્ષ રહેશે.

આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા લાભાર્થીઓને કચેરીના કામકાજના દિવસો દરમ્યાન ડો.આંબેડકર ભવન, ઢેબર રોડ, મનપા કચેરીએ પ્રથમ માળે સંપર્ક કરવા જણાવાયું છે.પાસપોર્ટ ફોટોગ્રાફ-૨, ચુંટણી કાર્ડ, આધાર કાર્ડ, પાન કાર્ડ, સ્કુલ લીવીંગ/જન્મનો દાખલો, આવકનું પ્રમાણપત્ર, મકાન વેરા બિલ, ડ્રાઈવિંગ લાયસન્સ (વાહન લોન માટે), લાઈટ બિલ, ભાડે રહેતા હોય તો ભાડા ચિઠ્ઠી/સહમતી પત્રક, ક્વોટેશન ઓરિજિનલ, બેંક ખાતાની પાસબુકની નકલ.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt. 11/12/2024 WEDNESDAY


# ધારાસભ્યના પ્રતિનિધિ અને વિધાનસભા અગ્રણી જ્યોતિરાદિત્યસિંહ જાડેજાના હસ્તે ખાતમુહૂર્ત

■ ગોંડલ નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન,બાંધકામ ચેરમેને અમૃત યોજના અતગેત હેઠળ વિવિધ કામોના ખાતમુહૂર્ત કર્યા

ગોંડલ, તા. ૧૧: ગોડલ નગરપાલિકા વિસ્તારમાં અમૃત યોજના અંતર્ગત સમગ્ર શહેરના લોકોને શુધ્ધ પાણી અને દરરોજ પાણી મળી રહે તે માટે 30 કરોડના ખર્ચે વોટર સપ્લાય પ્રોજેકટનું ખાતમુહુઁ ૪ સ્થળોએ ૪૨ લાખ લીટર અંડરગ્રાઉન્ડ સંપ, ૨૦ લાખ લીટર ઓવરહેડ ટેંક, ૩ એમ.એલ.ડી. ફીલ્ટર પ્લાન્ટ, ડી. આઈ. પાઈપ લાઈન, પીવીસી પાઈપ તથા પમ્પ રૂમ-૫, પમ્પીંગ મશીનરી, કમ્પાઉન્ડ વોલ, ફલો મીટર ટાંકી રીપેરીંગ નો સમાવેશ તેમજ શહેરમાં જે વિસ્તારમાં ભૂગર્ભ ગટર બાકી છે તેવા વિસ્તારોમાં અમૃત યોજના ૨.0 અંતગેત ૧૭ કરોડના ખર્ચે ભૂગર્ભ ગટર પ્રોજેકટનું ખાતમુહૂત જેમાં 30 કી.મી. ભૂગભે લાઈન, ૬૪00 હાઉસ કનેકશન નો સમાવેશ કરવામાં આવેલ છે.



આ ઉપરાંત શહેરમાં ભારે વરસાદથી નુકશાન પામેલ રસ્તાઓને રિ-સરર્ફેશ કરવા માટે રૂા.૨.00 કરોડની ગ્રાંટના ખાતમુર્હુત જેમાં મોવીયા રોડ, કોલેજ ચોક, લાલ પુલ અને જીઆઈડીસી સહિતના વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો તેમજ શહેરમાં અમૃત યોજના અંતગેત આશાપુરા બગીચાને ડેવલોપ કરવા માટે રૂા. ૩ કરોડના ખર્ચે ખાતમુહૂત કરવામાં આવ્યુ હતું આ સાથે ભારે વરસાદથી ભગવતપરા નદી કાંઠે રીટેઈનીંગ વોલ પડી જવાથી તે રીટેઈનીંગ વોલ આર.સી.સી.બનાવવા માટે ૧૫ મુ નાણાંપંચ યોજના અંતગેત રૂ.૧.૩૮ લાખના ખર્ચે ખાતમુહૂત કરવામાં આવ્યુ.હતું વિવિધ કામોના ખાત મુહૂર્ત ગોંડલ નગર પાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી કારોબારી ચેરમેન ક્રિપાલસિંહ જાડેજા ઉપપ્રમુખ પરિતાબેન ગણાત્રા, બાંધકામ ચેરમેન જગદીશભાઈ રામાણી, વોટર વર્કસ ચેરમેન શૈલેશભાઈ રોકડ સિનિટેશન શાખા ચેરમેન રમેશભાઈ સૌંદરવા વિજળી શાખા ચેરમેન મનીષભાઈ રૈયાણી, બાગબગીચા ચેરમેન ઊર્મિલાબેન નિલેશભાઈ પરમાર, ભૂગર્ભ ચેરમેન જીગ્નેશભાઈ ઠુમર, નાગરીક બેંક ચેરમેન અશોકભાઈ પીપળીયા શહેર પ્રમુખ પિન્ટુભાઈ ચુડાસમા તેમજ નગરપાલિકાના તમામ સદશ્યો સહિત ભાજપ ના આગેવાનો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા શહેરના વિવિધ કામોના કરોડો રૂપિયાનાં ખાત મુહૂર્ત વેળાએ હાજર રહી ગુજરાતના મુખ્યમંત્રી તેમજ ધારાસભ્યનો આભાર માન્યો હતો.

# ધોરાજી હિન્દુ એકતા સમિતિ દ્વારા બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર થતા અત્યાચારના વિરોધમાં ડેપ્યુટી કલેકટરને મૌન રેલી દ્વારા આવેદનપત્ર

ધોરાજી, તા. ૧૦: બાંગ્લાદેશ માં હિન્દુઓ પર થતા અત્યાચાર રોકવા ની માંગ સાથે ધોરાજીના પંકુબાજી પરા એકાત્મતા ચોક ડોક્ટર પ્રવીણભાઈ ગરબી ચોક વિસ્તારમાં વિશાળ ભાઈઓ તથા બહેનોની રેલી યોજાઇ હતી આ રેલીમાં ધોરાજી સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય કોઠારી સ્વામી તેમજ બાલકૃષ્ણ સ્વામી તેમજ ધોરાજી મોટી હવેલીના પૂજ્ય ગોસ્વામી અભિષેક મહોદય તેમજ સુપેડી મુરલી મનોહર મંદિરના મહંત રવિદાસ બાપુ વિગેરે સંતો મહંતો તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ ભારત વિકાસ પરિષદ વેપાર ઉદ્યોગ મહામંડળ તેમજ ધોરાજીની ૨૦ જેટલી સંસ્થા ના આગેવાનો મૌન રેલીમાં જોડાયા હતા.





મનરેલી ધોરાજીના ડોક્ટર પ્રવીણભાઈ ગરબી ચોક એકાત માતા ચોકથી ભારત માતાની જયના નાદ સાથે પ્રારંભ થઈ હતી જે રેલી પોસ્ટ ઓફિસ ચોક ગેલેક્સી ચોક ડોક્ટર બાબા આંબેડકર ચોક થઈને ડેપ્યુટી કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી

જ્યાં પૂજ્ય સંત શ્રી રવિદાસ બાપુ એ વિશાળ જનમેદનીને સંબોધન કરતા જણાવેલ કે બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર જે અત્યાચાર થઈ રહ્યો છે મંદિરો ઉપર હુમલા થઈ રહ્યા છે સાધુ-સંતો ઉપર હુમલા થઈ રહ્યા છે તે ખૂબ જ ગંભીર ઘટના ગણાય ભારતના એસોસવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરે બાંગ્લાદેશને સરકારને તાત્કાલિક હિન્દુઓને સુરક્ષા બાબતે સૂચનાઓ સાથે કાર્યવાહી કરે અને જરૂર પડી એ તો અમારો સંત સમાજ જ્યાં પણ ઉપયોગ કરવો હોય ત્યાં સાથે છે જ્યાં બોલાવશો ત્યાં અમે આવીશું પરંતુ તાત્કાલિક હિન્દુઓની સુરક્ષા વધારે તે બાબતે ખાસ ભાર મૂક્યો હતો. આ સાથે હિન્દુ સમાજમાંથી પણ વિવિધ સમાજના આગેવાનોએ પણ બાંગ્લાદેશની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢેલી હતી.

# પર્વતોના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટેનો દિવસ એટલે 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ'









## રાજ્ય સરકાર દ્વારા પ્રવાસનને વેગ આપવા માટે પર્વતો ઉપર આવેલાં યાત્રાધામોની સુખ સુવિધાઓમાં વધારો કરવામાં આવી રહ્યો છે

પર્વતો એ કુદરતી ઝવેરાત છે, આ કિંમતી ખજાનો જાળવી રાખવો એ સૌની નૈતિક ફરજ છે. વિશ્વની ૧૫% વસ્તીનું ઘર પર્વતો છે અને વિશ્વના લગભગ અડધા જૈવવિવિધતાના હોટસ્પોટ્સનું યજમાન છે. તેઓ અડધી માનવતાને રોજિંદા જીવન માટે તાજું પાણી પૂરું પાડે છે, ખેતીને ટકાવી રાખવામાં મદદ કરે છે અને સ્વચ્છ ઉર્જા અને ઔષધિઓ પણ પૂરી પાડે છે. તેમનું સંરક્ષણ ટકાઉ વિકાસ માટેનું મુખ્ય પરિબળ છે. આથી પર્વતોના સંરક્ષણ અને તેમની સમૃદ્ધ જૈવવિવિધતા વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૧ ડિસેમ્બર ના રોજ ''આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. પર્વતીય વિસ્તારોમાં રહેતા લોકો તથા પર્વતારોહકોમાં આંતરરાષ્ટ્રીય પર્વત દિવસની ઉજવણી માટે અનેરો ઉત્સાહ જોવા મળે છે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ''ટકાઉ ભવિષ્ય માટે પર્વતીય ઉકેલો - નવીનતા, અનુકૂલન, યુવા અને તેનાથી આગળ'' ની થીમ સાથે ઉજવાશે. જે પર્વતીય વિસ્તારમાં રહેતા લોકોની ક્ષમતા અને જરૂરિયાતો પર ચોક્કસ ધ્યાન કેન્દ્રિત કરે છે. જટિલ પર્વત સંબંધિત મુદ્દાઓને ઉકેલવા માટે નવીનતા જરૂરી છે. જે નવીન ટેકનોલોજી, પ્રગતિ તેમજ આબોહવા - સ્માર્ટ એગ્રીકલ્ચર જેવી સર્જનાત્મક સમસ્યાઓનું નિવારણ લાવે છે. પર્વતો પર આબોહવા પરિવર્તનના દબાણનો સામનો કરતી વખતે, સ્થિતિસ્થાપકતા બનાવવા અને નબળાઈ ઘટાડવા માટે અનુકૂલન અનિવાર્ય બની જાય છે. અનુકૂલન વ્યૂહરચનાઓમાં આપત્તિ જોખમ ઘટાડવા માટે ઈકોસિસ્ટમ આધારિત અભિગમો અને સ્વદેશી જ્ઞાન પ્રણાલીઓના એકીકરણ જેવા ઉકેલોનો સમાવેશ થાય છે. પર્વતીય ઉકેલોમાં લાંબા ગાળાનું ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે યુવાનોની સક્રિય ભાગીદારી જરૂરી છે.

આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવાનો પ્રસ્તાવ ૧૯૯૨માં બનાવવામાં આવ્યો હતો, જેને એજન્ડા ૧૩ ના પ્રકરણ ૨૧ મેનેજિંગ ઈકોસિસ્ટમ્સઃ સસ્ટેનેબલ માઉન્ટેન ડેવલપમેન્ટ પર્યાવરણ અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં અપનાવવામાં આવ્યું હતું. પર્વતોના મહત્વ તરફ વધતા ધ્યાનને કારણે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૨૦૦૨ ને યુનાઈટેડ નેશન્સ વિશ્વ પર્વત વર્ષ તરીકે જાહેર કર્યું અને ૧૧ ડિસેમ્બર ૨૦૦૩ થી આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવાનું નક્કી કર્યું. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ સૌપ્રથમ ૧૧ ડીસેમ્બર,૨૦૦૩ ના રોજ ઉજવવામાં આવ્યો હતો અને ત્યારથી દર વર્ષે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. યુ.એન એ. દ્વારા ૨૦૨૨ના વર્ષને ટકાઉ પર્વત વિકાસના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે પણ જાહેર કર્યું હતું.

### પર્વતોનું સંરક્ષણ શા માટે જરૂરી?

પર્વતો આબોહવા પરિવર્તન અને અતિશય શોષણથી જોખમમાં છે. જેમ જેમ વૈશ્વિક આબોહવા સતત ગરમ થઈ રહી છે, પર્વતીય વિસ્તારમાં રહેતા લોકોએ ટકી રહેવા માટે વધુ સંઘર્ષનો સામનો કરવો પડે છે. વધતા જતાં તાપમાનને કારણે પર્વતીય હિમનદીઓ અભૂતપૂર્વ રીતે પીગળી રહી છે, જે લાખો લોકો માટે તાજા પાણીના પુરવઠાને અસર કરી રહી છે. પરિણામે, પર્વતીય લોકોને ટકી રહેવા માટે વધુ સંઘર્ષનો સામનો કરવો પડે છે. આ સમસ્યા આપણને બધાને અસર કરે છે. આપણે કાર્બનનું પ્રમાણ ઘટે તે માટે ફળદાયી પગલાં લેવા જોઈએ અને આ કુદરતી ખજાનાની કાળજી લેવી જોઈએ. આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવાનું મહત્વ લોકોને પહાડો અને લેન્ડસ્કેપ્સ વિશે જાગૃત કરવાનો છે. આબોહવા અને ભૂમિ સ્વરૂપના ફેરફારોને કારણે પર્વતોની ભૌગોલિક સ્થિતિ ધીમે ધીમે બદલાઈ રહી છે. પર્વતો કપાઈ રહ્યા છે અને જંગલોનો નાશ થઈ રહ્યો છે. આમ કરવાથી આપણી ભાવિ પેઢી માટે જીવન ખૂબ જ મુશ્કેલ બની શકે છે. આવી સ્થિતિમાં લોકો માટે જરૂરી છે કે તેઓ પર્વતો પ્રત્યેની તેમની જવાબદારીઓ સમજાવવા માટે સંગઠિત થાય.

લોકોને જાગૃત કરવા માટે સમગ્ર વિશ્વ જુદા જુદા પ્રયાસો કરી રહ્યું છે ત્યારે પર્વતોનું મહત્ત્વને સમજીને ભારતમાં તો આદિકાળથી જ આધ્યાત્મિક મહત્વ જોડીને તેનું સંરક્ષણ થઈ રહ્યું છે. ભારતમાં આવેલા દરેક મહત્વના પર્વત જેવા કે કૈલાશ, ગુજરાતમાં ગિરનાર, ચોટીલા, પાવાગઢ, અંબાજી, શેત્રુંજય, ઓસમ સહિતના નાના મોટા પર્વતો સાથે ધાર્મિક મહત્વ જોડીને પર્વતોના સંરક્ષણ માટે સંનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. યુવા પેઢી એ દેશનું ઉજ્જ્વળ ભાવિ છે. આ યુવા પેઢી પ્રકૃતિની નિકટ આવે અને પ્રકૃતિનું જતન કરે, મહત્ત્વ સમજે તે માટે ગુજરાતમાં આવેલા મુખ્યત્વે પર્વતો ઉપર રાજ્ય સરકાર દ્વારા તેમજ જુદી જુદી સામાજિક સંસ્થાઓ દ્વારા આરોહણ-અવરોહણ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવે છે. ભાવિ પેઢી તેમના ભવિષ્ય વિશે વિચારતા થાય, પ્રકૃતિ પ્રેમી બને તે માટે પર્વતો ઉપર ટ્રેકિંગ કેમ્પનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. પર્વતોએ આપણા સૌનો કુદરતી અને સમૃદ્ધ વારસો છે, તેનું સંરક્ષણ કરવું એ આપણી નૈતિક ફરજ અને જવાબદારી છે.

# સતત બીજા વર્ષે ગોંડલનું વ્રજ ગ્રુપ ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારની દીકરીઓની વ્હારે આવ્યું

## ■ કાગવડમાં ખોડિયારના સાનિધ્યમાં સર્વ સમાજની ૨૧ દીકરીઓના સમુહ લગ્નના આયોજનની તડામાર તૈયારી શરૂ


રિપોર્ટર :- ગૌરવ ગાજીપરા-વીરપુર

ગોંડલ, તા. ૧૦ઃ વ્રજ ગ્રુપ ગોંડલ દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારની દીકરીઓની વહારે આવ્યું છે. કાગવડ શ્રી ખોડલધામ મંદિર ખાતે સર્વ સમાજની ૨૧ દીકરીઓનો સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે જેને લઈને વિશાળ ગ્રાઉન્ડમાં મંડપ, ઉતારા, સ્ટેજ, પાર્કિંગ, સહિતની તડામાર તૈયારી કરવામાં આવી રહી છે જેમાં સાવલિયા અને વેકરિયા પરિવાર દ્વારા આ દીકરીઓના લગ્ન અને કરિયાવર સહિતની જવાબદારીઓ ઉઠાવવામાં આવશે.

સતત બીજા વર્ષે માઁ ખોડલના સાનિધ્યમાં સર્વ સમાજની ૨૧ દીકરીઓના સમૂહ લગ્ન યોજાશે. કેટલાક માલેતુજારો દ્વારા લગ્નમાં મોટો ખર્ચ કરવામાં આવે છે. જ્યારે કેટલાક સામાજિક અગ્રણીઓ પોતાના પરિવારજનોના લગ્નમાં લખલૂટ ખર્ચ કરવાને બદલે સમાજના ગરીબ અને મધ્યમ વર્ગીય લોકોને મદદરૂપ થવાનું આયોજન કરે છે. એવો જ એક સમૂક લગ્નનો કાર્યક્રમ કાગવડ શ્રી ખોડલધામમાં યોજવા જઈ રહ્યો છે. વ્રજ ગ્રુપ ગોંડલ દ્વારા કાગવડ શ્રી ખોડલધામ મંદિર ખાતે ૨૧ દીકરીઓના સમૂહ લગ્નનું આયોજન કરાયું છે. માં ખોડલના સાનિધ્યમાં સર્વ સમાજની ૨૧ દીકરીઓના સમુહ લગ્ન યોજાશે.

દર મહિનાની ૧૬ તારીખે પોતાની દીકરીના નામની આજીવન ધ્વજા લખાવી છે. વ્રજ ગ્રુપના ધવલભાઈ સાવલિયાએ કાગવડ શ્રી ખોડલધામ મંદિર ખાતે દર મહિનાની ૧૬ તારીખે પોતાની દીકરી વાન્યા નામની આજીવન ધ્વજા લખાવી છે. જ્યારે તેમની બીજી દીકરી માન્યાના નામનું દર મહિનાની ૨૬ તારીખે વિરપુર વૃદ્ધાશ્રમના વૃધ્ધોને સાંજે જમાડે છે. ધવલભાઈને માતાજીના સાનિષ્યમાં દીકરીઓના સમૂહ લગ્ન કરવાનો વિચાર આવ્યો હતો. કારણ કે માતાજીના સાનિધ્યમાં દીકરીઓને સાસરે વળાવી એ એક આશીર્વાદ રૂપ છે. આગામી તારીખ ૧૫ ડિસેમ્બરના રોજ સમૂહ લગ્ન કાર્યક્રમ યોજાશે.

રવિવારના બપોરે ૧.૦૦ કલાકે જાન આગમન થશે. બપોરે ૨. ૦૦ કલાકે ભવ્ય વરઘોડો નીકળો જ્યારે સાંજે ૬.૦૦ કલાકે ૨૧ દીકરીઓના હસ્ત મેળાપ થશે. સાંજે ૬.૩૦ કલાકે ખોડલધામ મંદિરના અન્નપૂર્ણાલય ખાતે ભોજન સમારંભ અને સાંજે ૯ કલાકે કન્યા વિદાય થશે.

નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા પરિવારની દીકરીઓ આ સમહુ લગ્નમાં પ્રભુતામાં પગલાં પાડશે. સમૂહ લગ્ન સમારોહમાં સંતો-મહંતો, સામાજિક અગ્રણીઓ, રાજકારણીઓ, આગેવાનો, સાંસદો, ધારાસભ્યો અને શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ અને તમામ ટ્રસ્ટીઓ, જેતપુર જામકંડોરણા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ઉપસ્થિત રહેશે.

લગ્નના મુખ્ય આયોજકો સ્વ. અરજણભાઈ જેઠાભાઈ વેકરિયા, સ્વ. મોતીબેન અરજણભાઈ વેકરિયા, સ્વ, પોપટભાઈ અરજણભાઈ વેકરિયા, સ્વ. વાલીબેન પોપટભાઈ વેકરિયા, પ્રવીણભાઈ પોપટભાઈ વેકરિયા (પી.પી.), રમાબેન પ્રવીણભાઈ વેકરિયા, રેનીશ પ્રવીણભાઈ વેકરીયા, ધારાબેન રેનીશભાઈ વેકરિયા, જિયાંશ રેનીશભાઈ વેકરીયા, યુવરાજ રેનીશભાઈ વેકરીયા, સ્વ. નારણભાઈ ભુટાભાઈ સાવલિયા, સ્વ. સમજુબેન નારણભાઈ સાવલિયા, બિપીનભાઈ નારણભાઈ સાવલિયા, ભાવનાબેન બીપીનભાઈ સાવલિયા, ધવલભાઈ બીપીનભાઈ સાવલિયા, ધર્મિષ્ઠાબેન ધવલભાઈ સાવલિયા, વિશાલભાઈ બીપીનભાઈ સાવલિયા, સોનલબેન વિશાલભાઈ સાવલિયા, માન્યા ધવલભાઈ સાવલિયા, જિયાન વિશાલભાઈ સાવલિયા, હિરલબેન હેરતકુમાર ઠૂંમર, વાન્ય ધવલભાઈ સાવલિયા, જેવીન વિશાલભાઈ સાવલિયા સહિતના છે.

# કલેક્ટરશ્રી પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને આર.ઓ. મિટિંગ યોજાઈ

## ■ દબાણ હટાવ સહિતની કામગીરી તટસ્થતાથી કરવા અધિકારીઓને સૂચના આપતા કલેક્ટરશ્રી



રાજકોટ તા., તા. ૧૦ઃ રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી ખાતે રેવન્યૂ ઓફિસર્સ(આર.ઓ.) મિટિંગ યોજાઈ હતી. બેઠકમા દબાણ હટાવ સહિતની કામગીરી તટસ્થતાથી કરવા અધિકારીઓને સૂચના કલેક્ટરશ્રીએ આપી હતી.

આ ઉપરાંત પ્રાંત અધિકારી કક્ષાએ તેમજ મામલતદાર કક્ષાએ જિલ્લામા થયેલી વિવિધ કામગીરીની સમીક્ષા કરવામા આવી હતી. બેઠકમાં કામગીરીના ફાળવાયેલા લક્ષ્યાંકો, કથા પૂર્ણ થયેલ લક્ષ્યાંકોની સમીક્ષા કરવામા આવી હતી. વિચરતી વિમુક્ત જાતિના પરિવારોને પ્લોટની ફાળવણી, દબાણ હટાવ કામગીરી, રેવન્યૂ વસૂલાતની કામગીરી, વાજબી ભાવની દુકાનોની તપાસણી, ઈકેવાયસીની કામગીરી, મંત્રીશ્રી, સંસદ સભ્ય તેમજ ધારાસભ્યશ્રીઓની બાકી અરજીઓ, સ્વાગતમાં રજૂ થયેલા પ્રશ્નો, મધ્યાહન ભોજનની કામગીરી, મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના સહિતના મુદ્દે પ્રાંત અધિકારીશ્રીઓ અને મામલતદારોની કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી આલોક ગૌતમ સહિત પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ સહિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt. 11/12/2024 WEDNESDAY 

# રાજકોટમાં મહિલા બંદીવનો માટે 'ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ અને ખાસ અધિકારો' અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

■ **જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ કચેરી દ્વારા વિશ્વ માનવ અધિકાર દિવસ નિમિત્તે આયોજન**



રાજકોટ, તા. ૧૦ઃ ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા. ૨૫ નવેમ્બરથી તા. ૧૦ ડિસેમ્બર સુધી મહિલાઓ વિરુદ્ધ થતી હિંસાની નાબૂદીના અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લા મહિલા અને બાળ કલ્યાણઅધિકારીશ્રીજનકસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ વિશ્વ માનવ અધિકાર દિવસ નિમિત્તે ''સંકલ્પ'' હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન સ્કીમ અન્વયે મધ્યસ્થ જેલ, રાજકોટ ખાતે મહિલા બંદીવનો માટે 'ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ અને ખાસ અધિકારો' અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને તેમના હક અને અધિકારો અંગે જાણકારી પૂરી પાડીને હિંસાથી મુક્ત અને સશક્ત જીવન જીવવા પ્રેરિત કરવાનો હતો.

કાર્યક્રમમાં વરિષ્ઠ વકીલદ્વારા મહિલાઓના અધિકારો અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

તેમજ મહિલા બંદીવાનો સાથે પ્રશ્નોતરી કરીને તેમની સમસ્યા ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ તકે જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ કચેરી અને મધ્યસ્થ જેલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# જીલ્લા પંચાયતના નવા બિલ્ડીંગનુ ૧૩મીએ મુખ્યમંત્રીના હસ્તે ખાતમુર્હૂત

રાજકોટ તા.૧૦ઃ રાજકોટ જીલ્લા પંચાયતના ૩૬ કરોડના ખર્ચે નવનિર્માણ પામનારા બિલ્ડીંગના ખાતમુર્હુતનુ છેવટે મુર્હુત નિકળ્યુ છે. તા.૧૩ને શુક્રવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ખાતમુર્હુત થશે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સહિતના નેતાઓ હાજરી આપશે.

જીલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ કહ્યું હતું કે ૧૩મીએ શુક્રવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો રાજકોટમાં કાર્યક્રમ છે તે દરમ્યાન બપોરે ૧૨ વાગ્યે જીલ્લા પંચાયતમાં નવા બિલ્ડીંગનું ખાતમુર્હુત કરશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાને પણ આમંત્રણ અપાયુ છે.

આ સિવાય રાજયમંત્રી કુવરજી બાવળીયા, ભાનુબેન બાબરીયા, રાઘવજી પટેલ, બચુભાઈ ખાબડ, સાંસદ પરસોતમ રૂપાલા, રામભાઈ મોકરીયા, કેસરીદેવસિંહ ઝાલા ઉપરાંત ધારાસભ્યો જીલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતોના પ્રમુખ વગેરે હાજર રહેશે.

જીલ્લા પંચાયતના ખાતમુર્હુત માટે મુખ્યમંત્રીએ સંમતિ આપી જ હતી. એક તબકકે રાજકોટના અન્ય કાર્યક્રમ સ્થળેથી ઓનલાઈન ખાતમુર્હુત નકકી થયુ હતું પરંતુ રૂબરૂ ખાતમુર્હુતનો આગ્રહ થતા મુખ્યમંત્રીએ સહમતી આપી હતી અને બપોરે ૧૨ વાગ્યાનો કાર્યક્રમ નકકી કરાયો હતો. પ્રવચન કે અન્ય કોઈ કાર્યક્રમમાં સામેલ નથી. મુખ્યમંત્રી ખાતમુર્હુત કરશે. સ્થળનુ નિરીક્ષણ કરશે અને સભ્યોને મળશે ત્યારબાદ કોર્પોરેશનના કાર્યક્રમ માટે રવાના થશે.

# સાધુ વાસવાણી માર્ગ ઉપર દેવી મદ્રાસ કાફેમાં મ્યુનિ. ફૂડ બ્રાન્ચના દરોડા

રાજકોટ, તા. ૧૦ઃ રાજકોટ મહાપાલિકાની ફૂડ બ્રાન્ચ દ્વારા તાજેતરમાં સાધુવાસવાણી રોડ ઉપરના જાણીતા દેવી મદ્રાસ કાફેમાં દરોડા કાર્યવાહી કરાઇ હતી. વિશેષમાં રાજકોટ મહાપાલિકાના સિનિયર ડેઝીગ્રેટેડ ફૂડ ઓફિસર ડો.હાર્દિક બી.મેતાએ વિગતો જાહેર કરતા જણાવ્યું હતું કે, સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ઓસ્કાર સીટી-૨ કોમ્પ્લેક્સમાં શોપ નં.પાંચ, સાધુવાસવાણી રોડ, રાજકોટ મુકામે આવેલ દેવી મદ્રાસ કાફે પેઢીની તપાસ કરતા લાઇસન્સ મેળવવા તથા - હાઇજેનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ ફટકારવામાં આવી હતી તેમજ સંભાર અને ટામેટો ચટણીનું સેમ્પલ લઈ પરીક્ષણ અર્થે ફૂડ લેબોરેટરીમાં મોકલવા કાર્યવાહી હાથ ધરાઇ છે. તેમણે ઉમેર્યું હતું કે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સ્વાતી બગીચા સામે, કોઠારીયા રોડ, રાજકોટ મુકામે આવેલ રાધે શ્યામ પાણિપુરી



તથા શ્રધ્ધા અમેરિકન પેઢીની તપાસ કરતા બંને પેઢીને લાઇસન્સ મેળવવા તથા હાઇજેનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી. આ ઉપરાંત તિરુપતિ સોસાયટી શેરી નં.૪, અમૃતધારા, રૈયા રોડ, રાજકોટ મુકામે આવેલ આયુષ એન્ટરપ્રાઇઝ પેઢીની તપાસ કરતા લાયસન્સ મેળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી તેમજ ત્યાંથી ફિંડલાના સરબતનું સેમ્પલ લેવામાં આવ્યું હતું.ફૂડ વિભાગની ટીમ તથા ફૂડ સેફ્ટી વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન અમૂલ સર્કલ થી હુન્ડાઈ શો-રૂમ સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૪ ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# GPSC દ્વારા ૧૧ ભરતીની પરીક્ષાનું કેલેન્ડર જાહેર, ૨૮૦૦ જગ્યા ભરાશે

અમદાવાદ, તા. ૧૦: વર્ગ-૩ની ભરતી માટે અલગથી પરીક્ષા લેવાશે ગુજરાત મિરર, ગાંધીનગર તા. ૧૦ ઋઙજઈની પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. જેમા કુલ ૧૧ ભરતીની પરીક્ષાની તારીખો જાહેર કરવામાં આવી છે. આ ૧૧ પરીક્ષાઓ કુલ ૨૮૦૦ જગ્યા માટે લેવાશે. સમગ્ર મામલે જીપીએસસીના અધ્યક્ષ હસમુખ પટેલ દ્વારા આ ભરતી અંગેની જાહેરાત કરવામાં આવી છે. જેમા વર્ગ ૧ અને વર્ગ ૨ની પરીક્ષા ક્લબ કરવામાં આવી છે. જ્યારે વર્ગ ૩ની પરીક્ષા અલગ રીતે યોજાશે. સમગ્ર મામલે પ્રક્રિયા ઝડપી થાય તે માટે આ પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. રાજ્ય સરકારની કુલ ૨૮૦૦ જગ્યા માટે આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા કુલ ૧૧ પરીક્ષાઓ લેવામાં આવશે. પ્રાથમિક કસોટી ૨૩ ફેબ્રુઆરીના રોજ લેવામાં આવશે. જીપીએસસી દ્વારા રજૂ કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ અધિક સિટી ઈજનેર, મદદનીશ ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર, મદદનીશ બાગાયત નિયામક અને ગ્રાહક સુરક્ષા અધિકારી જેવા પદો માટેની આ પરીક્ષાની છે. જેની તારીખો જાહેર કરવામાં આવી છે. જીપીએસસીના અધ્યક્ષ હસમુખ પટેલ દ્વારા આ પરીક્ષાની તારીખોને લઈને જાહેરાત કરવામાં આવી છે. જેમાં મુખ્ય મુદ્દો એ છે કે વર્ગ ૧ અને વર્ગ ૨ની પરીક્ષાઓ ક્લબ કરવામાં આવી છે. જ્યારે વર્ગ ૩ ની પરીક્ષા અલગથી લેવાશે. સમગ્ર મામલે ઝડપથી ભરતી પ્રક્રિયા થાય તેને અનુલક્ષીને પરીક્ષા માટે આ રીતનું સમયપત્રક તૈયાર કરાવવામાં આવ્યું છે.





# રાજકોટમાં અશાંતધારા લાગુ વિસ્તારમાં ૧૪ મકાનોના હિન્દુના નામે દસ્તાવેજ કરી મુસ્લિમોનો ગેરકાયદે કબજો

## ■ અશાંતધારાના અમલ સામે ખુદ ભાજપના ધારાસભ્ય ડો. દર્શિતા શાહે ઉઠાવ્યા સવાલો, કલેક્ટરને આપ્યું આવેદન



રાજકોટ, તા. ૧૦: રાજકોટ શહેરના કેટલાક વિસ્તારોમાં લાગુ કરાયેલ અશાંતધારાના અમલીકરણ સામે ખુદ ભાજપના ધારાસભ્ય ડો. દર્શિતા શાહે સવાલો ઉઠાવી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને હિન્દુઓના નામે મકાનો લઈ મુસ્લિમો કબ્જો ધરાવતા હોવાનાં નામજોગ આક્ષેપો કરતા ભારે ખળભળાટ મચી જવા પામેલ છે.

આજે ધારાસભ્ય ડો. દર્શિતા શાહે ભાજપના સ્થાનિક આગેવાનો અતુલ પંડિત, ધર્મેન્દ્ર મિરાણી તેમજ કેટલાક રહેવાસીઓને સાથે રાખી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને તેમાં જણાવ્યું હતું કે, રાજકોટ શહેરના વોર્ડ નં. ૨ માં જ્યાં અશાંતધારો લાગુ કરવામાં આવેલ છે ત્યાં કોઈને કોઈ કારણસર મુસ્લિમના નામે દસ્તાવેજ થાય છે કે હિન્દુના નામે દસ્તાવેજ કરી મુસ્લિમો રહે છે. આ બારામાં યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવા માંગણી કરી છે.

આવેદનપત્રમાં જણાવાયું છે કે, નહેરૂનગર વિસ્તારમાંથી હિન્દુઓ હિઝરત કરી ગયા છે. તેમજ સુભાષનગર ૮-૯ તેમજ ૧૦ નંબરની શેરીમાં પણ હિન્દુઓ હિઝરત કરી ગયા છે. આ વિસ્તારોમાં મુસ્લિમને મકાન વેચવાનું હોય તો તે હિન્દુ સિવાય કોઈને વહેંચી શકે નહીં તેવી કડક કાર્યવાહી થાય તો જ આ વિસ્તારમાં હિન્દુ-મુસ્લિમોનું બેલેન્સ થાય તેમ છે. હાલ આ વિસ્તારમાં પોલરાઈઝેશન થવાથી આ વિસ્તાર સંવેદનશિલ બનતો જાય છે. રૈયા રોડ પર દર વર્ષે જન્માષ્ટમી નિમિતે સોભાયાત્રા નિકળે ત્યારે પણ આ સંવેદનશીલ વિસ્તારમાં વિશેષ બંદોબસ્તની જરૂર રહે છે.

હાલ આ વિસ્તારમાં જે મકાનોના સોદા થઈ રહ્યા છે તેમાં બ્લેક મનીનો પણ ઉપયોગ થઈ રહ્યો છે.

સાથો સાથ મની લોન્ડરીંગ પણ થયું હોય તેવુ જણાય છે. અગાઉના નાયબ કલેક્ટર ચૌધરી તથા નાયબ મામલતદાર વર્ષાબેન વેગડે અસરકારક કામગીરી કરી હોય તેવું જણાતુ નથી. હાલના નાયબ કલેક્ટર તથા તેની નીચેના અધિકારી પોલીસ તથા હાઈકોર્ટના બહાના આપી મુસ્લિમોને મંજુરી આપતા હોય તેવું જણાય છે. તો આ બાબતમાં ઉંડાણપુર્વક તપાસ કરવી જરૂરી છે.

આવેદનમાં આક્ષેપ કરાયો છે કે, સૌપ્રથમ મુસ્લિમ લોકો મકાનમાં ગેરકાયદે મસ્જિદ બનાવે છે તેથી આજુબાજુમાં રહેતા હિન્દુઓ ત્યાંથી હિઝરત કરવા માંડે તેવી પરિસ્થિતિઓનું નિર્માણ થાય છે અને એક બીજાને સંમતિ આપી મકાન વેચવા પ્રેરાય છે. આવેદનપત્રમાં કેટલાક મકાનોના શંકાસ્પદ વેચાણો અંગે પણ લેખીત રજૂઆત કરવામાં આવી છે.

**૧૪ મકાનોના શંકાસ્પદ વેચાણ**

૧) મનીષભાઈ પઢિયાર 'માતૃકૃપા' સુભાષનગર શેરી નં. ૧૨

૨) અનિલભાઈ મંકોડી સુભાષનગર શેરી નં. ૧૧ (ખરીદનાર - સાજિદભાઈ)

૩) બીગીરાભાઈ 'રીધમ' સુભાષનગર શેરી નં. ૧૧

૪) અનુપભાઈ કાચા 'શિવાંગી' સુભાષનગર શેરી નં. ૧૧ (સાજિદભાઈ)

૫) અનિલભાઈ પટેલ 'શ્રીજી કૃપા' સુભાષનગર શેરી નં. ૧૨

૬) ધર્મેશભાઈ પંચોલી 'સુલેશ્વરી' સુભાષનગર શેરી નં. ૪

૭) પરાગભાઈ દોશી 'અરિહંત' સુભાષનગર શેરી નં. ૪

૮) અનિલભાઈ જોશી 'વિધિ' સુભાષનગર શેરી નં. ૪

૯) 'ભીડભંજન કૃપા' સુભાષનગર શેરી નં. ૪

૧૦) ભીડભંજન કૃપાની બાજુનું બાંધકામ અને વંડો

૧૧) રાજકોટ કેન્ટીનના નામે ચાલતી દુકાન-કેબીન, ધ્રુવ નગર મેઈન રોડ

૧૨) સુભાષનગર શેરી નં. ૧૨-બંધશેરીમાં શ્રી મદન મોહન મકાન

૧૩) ધ્રુવનગર મેઈન રોડ ડો. હરસોરા વાળુ મકાન

# નવા વર્ષની ઉજવણી માટે મંગાવ્યો હોવાનું અનુમાન રાજકોટ જતી શરાબ ભરેલી બે ટ્રક પકડાઈ

## કરોડનો મુદ્દામાલ હસ્તગત કર્યો

અમદાવાદ,તા. ૧૦ સુરત જિલ્લાના કામરેજ ખાતેથી પોલીસે દારૂ ભરેલી બે ટ્રક પકડી યુપીના યુવાનને ઝડપી પાડ્યો હતો. જાણવા મળતી માહિતી મુજબ સુરત જિલ્લાના કડોદરા- કામરેજ હાઈવે ઉપરની મહાદેવ હોટલ ખાતે સ્ટેટ મોનીટરીંગ સેલના ડીએસપી કામરિયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ સીએચ પનારાની ટીમે છાપો માર્યો હતો. પોલીસે કુલ બે ટ્રક ટ્રેલરને પકડી તેમાંથી રૂ. ૭૭,૦૦,૯૧૬ની કિંમતની ભારતિય બનાવટની ૩૨૯૧૬



બોટલો કબજે કરી હતી. ઉત્તર પ્રદેશના જગદીશપુર ગામના વિવેકકુમાર યાદવને ઝડપી રોકડ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧,૨૭,૦૮,૭૬૬નોમુદ્દામાલ કબજે કર્યો હતો. તેમજયુપીના અનીલ યાદવને, દારૂ સપ્લાયર કરનાર માણેક પટેલને, ટ્રક ટ્રેલરોના માલિકોને, રાજકોટ ખાતે દારૂ મંગાવનાર વ્યક્તિ તેમજ રવિન્દ્ર રાજપૂતને વોન્ટેડ દર્શાવી વધુ તપાસ હાથ ધરી હતી. આ શરાબનો જથ્થો નવા વર્ષની ઉજવણી સંદર્ભે મંગાવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

# આરટીઓ એક મહિનામાં વ્હાઈટ એલઈડી લાઈટ-રોંગ સાઈડમાં વાહન હંકારનાર ૩૦૮ દંડાયા







રાજકોટ, તા. ૧૦ઃ શહેર હોય કે હાઈવે હમ તો બેફિકર બન કે ડ્રાઈવીંગ કરેંગે, વાહન ચાલકોને ટ્રાફિક નિયમ પાલન કરવાની બદલે તોડવાની ટેવ વધુ પડી ગઈ હોઈ તેમ દંડની વસુલાતના આંકડા જોતા લાગી રહ્યું છે. પકડાઈએ તો દડં ભલે ભરવો પડે પણ નિયમોનું પાલન તો નહિ જ કરીએ. આરટીઓ દ્વારા ચેકીંગ કામગીરીના દર મહિને જાહેર કરવામાં આવતા આંકડા મુજબ નવેમ્બર-૨૦૨૪માં જુદા જુદા ટ્રાફિક નિયમોના ભગં બદલ ૧૧૦૧ વાહન ચાલકોને . ૩૯,૧૭,૧૪૨નો દર્ંડ કટકારવામાં આવ્યો છે.

જેમાં સૌથી વધુ ગેરકાયદેસર વ્હાઈટ એલઈડી લાઈટ ફિટ કરી વાહન હંકારી નીકળતા તેમજ રોગ સાઈડમાં વાહન લઈ આવતા ૩૦૮ ચાલકોને ૩,૦૮,૫૦૦ની દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. બીજા નંબરે હેલ્મેટ, સીટબેલ્ટ, પી યુ સી, વીમા વગર વાહન હંકારનાર ૨૦૪ લોકોને . ૧,૮૫,૫૦૦ જેટલો દર્ંડ કટકારવામાં આવ્યો છે. આ કાર્યવાહી રાજકોટ આરટીઓ કે.એમ.ખપેડની સૂચનાથી ઈન્સ્પેકટરની ટિમ દ્વારા કરવામાં આવી હતી.

(૧) વ્હાઈટ લાઈટ એલઈડી, રોંગલેન ૨૦૪૧,૮૫,૫૦૦ (૨) હેલ્મેટ, સીટબેલ્ટ, પીયુસી, વીમા વગર ૩૨૭૨,૯૫,૫૦૦ (૩) ઓવર લોડીંગ ૧૪૫૧૭,૮૧,૦૦૦ (૪) ભયજનક રીતે અને ઓવરસ્પીડ ૧૪૨૨,૮૩,૫૦૦ (૫) ડ્રાઈવિંગ લાયસન્સ વગરના વાહન ૭૮૧,૫૬,૦૦૦ (૬) ફિટેનશ વગરના વાહન ૬૮૩,૪૦,૦૦૦ (૭) ઓવર ડાઈમેન્સન ૪૮૩,૩૧,૦૦૦ (૮)વાહન સેફટી એંગલ ૩૬૩૬,૦૦૦ (૯) રેડિયમ રેકલેકટર- રોડ સેટી સબંધિત ૩૨૩૨,૦૦૦ (૧૦) કલેન્ડેસ્ટાઈન ઓપરેશન ૨૫૫૦,૦૦૦ (૧૧) ટેકસ વગર ચાલતા વાહનો ૧૫૨,૧૩,૬૪૨ કુલ કેસઃ ૧૧૦૧ અને કુલ દડં ૩૯,૧૭,૧૪ થયો હતો.

# ગધેથડ ગાયત્રી આશ્રમે રવિવારે ગુરુપૂજનનો યોજાશે ધર્મોત્સવ



## સવારે ૬ વાગ્યાથી મોડી રાત સુધી પૂજ્ય ગુરુદેવશ્રી લાલબાપુના આશિર્વાદ પ્રાપ્ત થશેઃ ભોજન પ્રસાદ સહિતના યોજાશે કાર્યક્રમ

રાજકોટ તા. ૯ વેદમાતા શ્રી ગાયત્રી માતાજી, લક્ષ્મી માતાજી, સરસ્વતિ માતાજીની કૃપાથી ગુરૂદત જયંતિ નિમિતે ગાયત્રી આશ્રમ, ગધેથડ, તા. ઉપલેટા મુકામે પૂજ્ય ગુરુદેવશ્રી લાલ ભાપુના સાનિધ્યમાં ગુરુપૂજનનો કાર્યક્રમ તા. ૧૫- ૧૨ને રવિવારના રોજ સવારે ૬ વાગ્યાથી મોડી સાંજ સુધી રાખેલ છે. સવારે ૧૦ વાગ્યાથી મોડી રાત્રી સુધી ભોજન પ્રસાદનો પણ કાર્યક્રમ રાખેલ છે. ગુરુપૂજનના આ પ્રસંગે ૧૧૫ જેટલા ગામોને ધુમાડાબંધ ભોજન પ્રસાદ આપવાનું આયોજન કરાયેલ છે. ૨૧ વિઘાના ભોજનાલય, વિશાળ પાર્કિંગ વ્યવસ્થા સાથે આ કાર્યક્રમ ‘‘ગુરૂજનો કાર્યક્રમ અંતર્ગત ગામોમાં ગાયને નિત્રણ કલાને પણ, કુતરાને લાડવા, માછલાઓને ગુંદીદાણા આપવા પૂજ્ય ગુરુદેવ શ્રી લાલબાપુની મહેચ્છા છે. આશ્રમ- પ.લાલબાપની મુલાકાતે નામી-અનામી પ્રસિદ્ધ- પ્રતિષ્ઠિાન આગેવાનો- અગ્રણીઓ આવતા હોય છે. ત્યારે તાજેતરમાં જ જાણીતા ક્રિકેટર અજય જાડેજાએ પુ. બાપુના આશિર્વાદ લીધા હતાં. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા પૂ.શ્રી રાજુભગત અને પૂ.શ્રી દોલુભગતે અનુરોધ કર્યો છે.

## બધા સમાજને સાથે લઈ ચાલનારો ક્ષત્રિય સમાજ છેઃ અજય જાડેજા



ઉપલેટા તાલુકાના ગધેથડ ગાયત્રી આશ્રમે પૂજ્ય ગુરુદેવશ્રી લાલબાપુના આર્શિવાદ લેવા પધારેલા જાણીતા ક્રિકેટર અજય જાડેજાએ પૂ.બાપુના દર્શન કરી ધન્યતા વ્યકત કરેલ હતી. ક્રિકેટર અજય જાડેજાએ આ તકે જણાવ્યું હતું કે ક્ષત્રિય લેવા વાળો નહીં, બધાને આપવાવાળો છે, બધા સમાજને સાથે લઈ ચાલનારો આ ક્ષત્રિય સમાજ છે. હવે બધા ક્ષત્રિયો એક જ છે તેમ કહી તેમણે ક્ષત્રિય સમાજની એકતા હોવાનું જણાવ્યું હતું.

# મહાનગરપાલિકામાં કાલે સ્ટેન્ડિંગ કમિટીની મિટિંગ; એજન્ડા પ્રસિદ્ધ

રાજકોટ, તા. ૧૦ઃ રાજકોટ મહાપાલિકામાં અંદાજે એક મહિના બાદ આવતીકાલે તા.૧૧ને બુધવારે સવારે ૧૧ કલાકે ચેરમેન જયમીનભાઈ ઠાકરના અધ્યક્ષસ્થાને સ્ટેન્ડિંગ કમિટીની મિટિંગ મળશે. આજરોજ મિટિંગનો એજન્ડા પ્રસિધ્ધ કરાયો છે જેમાં નવ દરખાસ્તો સમાવિષ્ટ છે. વિશેષમાં સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન જયમીનભાઈ ઠાકરએ જણાવ્યું હતું કે, (૧) ધી જીપીએમસી એકટ-૧૯૪૯ની કલમ- ૨૮૯ અન્વયે ફાયર બ્રિગેડની અઠવાડિક કામગીરીના રિપોર્ટ જાણમાં લેવા (૨) ધી જીપીએમસી એકટ-૧૯૪૯ની કલમ-૨૯(ક) હેઠળની વિવિધ વોર્ડ કમિટીઓના ઠરાવો જાણમાં લેવા (૩)



મેયર એવોર્ડ એનાયત કાર્યક્રમનું ચુકવવાનું બાકી ખર્ચ મંજુર કરવા (૪) ટ્રાફિક, ટ્રાન્સપોર્ટ એન્ડ પાકિગ મેનેજમેન્ટ શાખાના વર્ક આસિસ્ટન્ટ (મિકેનિકલ) અમિતકુમાર ભાસ્કરભાઈ સેજપાલના પત્નીને કેન્સરની બીમારીની કરાવેલ સારવારના ખર્ચ પેટે ખાસ કિસ્સામાં આર્થિક તબીબી સહાય મંજુર કરવા (૫) બાંધકામ શાખાના આસીસ્ટન્ટ એન્જીનીયર(સિવિલ) વૈભવ નવીનચંદ્ર ઉમરાણીયાના આશ્રિત માતુશ્રીના પગના ઘુંટણના ઓપરેશનની સારવારના ખર્ચ પેટે ખાસ કિસ્સા તરીકે આર્થિક તબીબી સહાય મંજુર કરવા (૬) સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના મુકાદમ દિનેશભાઈ ભીખાભાઈ નારોલાના આશ્રિત પુત્રીને લો-બીપીની બીમારી સબબ કરાવેલ સારવારના ખર્ચ પેટે આર્થિક તબીબી સહાય ખાસ કિસ્સામાં મંજુર કરવા (૭) સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઇ કામદાર ધનુબેન નરેન્દ્રભાઈ મકવાણાને ક્ષીરોગની સારવારના ખર્ચ પેટે ખાસ કિસ્સા તરીકે આર્થિક તબીબી સહાય મંજુર કરવા (૮) સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઇ કામદાર હંસાબેન ગીરધરભાઇ વાઘેલાને શ્વાસના રોગની સારવારના ખર્ચ પેટે ખાસ કિસ્સામાં આર્થિક તબીબી સહાય મંજુર કરવા તેમજ (૯) મ્યુનિસિપલ સેક્રેટરી ડો.એચ.પી.પારેલીઆની તા.૧૬-૧૨-૨૦૨૪થી તા.૨૭-૧૨-૨૦૨૪ સુધીની દિવર્ષ-૧૨ની પ્રા રજા મંજુર કરવા સહિતની દરખાસ્તો અંગે નિર્ણય લેવાશે.

# આવાસો બન્યા આસામાજિક તત્વોના અડ્ડા રાજકોટમાં નવા નક્કોર ૩૩૦૦ આવાસ ધૂળ ખાતી હાલતમાં

## છ વર્ષ બાદ પણ આવાસોની ફાળવણી કરવામાં ન આવતાં ખંડેર હાલતમાં પડયા છે આવાસો



રાજકોટ, તા. ૧૦ઃ પોપટપરામાં વર્ષ ૨૦૧૯ માં ૬૯૦ જેટલા આવાસો બનીને તૈયાર થઈ ચૂક્યા છે. પરંતુ છ વર્ષ બાદ પણ આ આવાસની ફાળવણી કરવામાં ન આવતા આવાસો ખંડેર હાલતમાં જોવા મળી રહ્યા છે. આવાસો ખંડેર બની જતા અહીંયા દારૂ જુગાર સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ધમધમી રહી હોવાનો આક્ષેપ અહીંના સ્થાનિકો કરી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે, અહીંયા દારૂ, ચરસ, ગાંજા સહિતના માદક પદાર્થોનું સેવન કરવામાં આવે છે. રાત્રિના સમયે દારૂનું કટીંગ પણ થાય છે. તેમજ સ્થાનિકો અસામાજિક પ્રવૃત્તિ મામલે અવાજ ઉઠાવે તો તેમના અવાજને ડામી દેવામાં પણ આવે છે. જેના કારણે ખંડેર બની ચૂકેલા આવાસની આજુબાજુમાં રહેતી મહિલાઓ પોતાની જાતને સલામત નથી માની રહી. સ્થાનિકોની માગણી છે કે અહીંયા લાઈટિંગની પૂરી વ્યવસ્થા કરવામાં આવે તેમજ સિક્યુરિટી ગાર્ડ સહિતની ફાળવણી કરવામાં આવે તો જ અહીંયા સલામતીનો અહેસાસ શક્ય છે. રાજકોટ મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, કેટલાક આવાસો ખંડેર હાલતમાં હોવાનું મારા ધ્યાને આવ્યું છે. સમગ્ર મામલે મારા દ્વારા તપાસના આદેશ પણ આપી દેવામાં આવ્યા છે. આવાસ યોજના સંભાળતા અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે, સૌ પ્રથમ તમામ આવાસોને સ્વચ્છ કરવાની કામગીરી શરૂ કરવામાં આવે તેમજ ત્યારબાદ જેટલા પણ આવાસોમાં સમારકામની જરૂરિયાત છે તે તમામમાં સમારકામની શરૂઆત કરવામાં આવે. તેમજ આગામી સમયમાં જરૂરિયાતમંદ વ્યક્તિઓને આવાસોની ફાળવણી કરવામાં આવે. અત્યાર સુધીમાં શા માટે આવાસોની ફાળવણી કરવામાં નથી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, પોષટ પરા વિસ્તારમાં જે ૬૯૬ આવાસ ખાલી હાલતમાં જોવા મળી રહ્યા છે.

તે બાબતે અગાઉ મહાનગરપાલિકા દ્વારા ડ્રો કરવામાં આવ્યો હતો. પરંતુ ત્યારે ત્યાં વસવાટ કરવા જવા - કોઈ તૈયાર નહોતું જેના કારણે આવાસની ફાળવણી શક્ય નહોતી બની. આવાસની લેવાની ન નીકળતા ત્યારબાદ આવાસોને ભાડે ચડાવવા બાબતે આવી હતી. પરંતુ પાંચ પાંચ વખત ટેન્ડરિંગ કરવામાં આવ્યું હોવા છતાં આજ દિવસ સુધી ત્યાં ભાડે લેવા બાબતે પણ કોઈ આગળ નથી આવ્યુ. જેના કારણે આવાસો આજે ખંડેર હાલતમાં પડેલા છે.

જોકે રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણીનું કહેવું છે કે, રાજકોટ શહેરમાં ૩૩૦૦ જેટલા આવાસો ફાળવણી કર્યા વગરના પડયા છે. ત્યારે સમગ્ર મામલે રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને આવાસની ફાળવણી તાત્કાલિક અસરથી કરવામાં આવે તે પ્રકારની રજૂઆત કરવામાં આવશે.

# કેજરીવાલ દિલ્હીના ઓટો ડ્રાઈવરો પર મહેરબાન સરકાર દીકરીના લગ્ન પર ૧ લાખ અને ૧૦ લાખ રૂપિયાનો જીવન વીમો આપશે નવી

દિલ્હી, તા. ૧૦ઃ દિલ્હીની 'આપ' સરકારે ઓટો ચાલકોને ખૂબ જ સારા સમાચાર આપ્યા છે. જ્યાં સરકારે દિલ્હીના ઓટો ડ્રાઈવરો માટે પોતાની તિજોરી ખોલી દીધી છે. સરકારે જાહેરાત કરી છે કે સરકાર હવે દિલ્હીના ઓટો ડ્રાઈવરની દીકરીઓને તેમના લગ્ન પર ૧ લાખ રૂપિયા આપશે. હોળી અને દિવાળી જેવા પ્રસંગોએ તેમના યુનિફોર્મ માટે ૨૫૦૦ રૂપિયા આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આ સિવાય દિલ્હી સરકારે પોતાનું મોટું દિલ બતાવ્યું છે અને ઓટો માલિકો માટે ૫ લાખ રૂપિયાનો અકસ્માત વીમો અને ૧૦ લાખ રૂપિયાનો જીવન વીમો આપવાનું વચન આપ્યું છે. સરકારે ઓટો ચાલકો અને



તેમના પરિવારજનોની સંપૂર્ણ કાળજી લીધી છે. જેમાં દિલ્હી સરકારે ઓટો ડ્રાઈવર્સના બાળકોને ફ્રી કોચિંગ આપવાનું વચન આપ્યું છે અને પૂછો એપને ફરીથી શરૂ કરવાનું કહ્યું છે. ઓટો ડ્રાઈવરો પર ભેટો વરસાવતા આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે કહ્યું કે ઓટો ડ્રાઈવરો સાથે મારો સંબંધ ઘણો જૂનો છે. જ્યારે કોંગ્રેસ સરકાર ઓટો ચાલકોને પરેશાન કરતી હતી ત્યારે હું પહેલો નેતા હતો જેણે રામલીલા મેદાનમાં ઓટો ડ્રાઈવરો સાથે બેઠક કરી હતી. ગઈકાલે પણ મેં ઓટો ડ્રાઈવરો સાથે બેઠક કરી હતી. ત્યારપછી ઓટો ડ્રાઈવર નવનીતે મને તેના ઘરે જમવા બોલાવ્યો હતો.

# હિસ્ટ્રીશીટર મુકેશ ગુજરાતીની પત્નિના પ્રેમી અને તેના મિત્રે પથ્થરના ઘા ઝીંકી ક્રુરતાથી હત્યા નિપજાવી

## હત્યાની ઘટના બાદ ડીસીપી જગદીશ બાંગરવા, થોરાળા પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી ઝોન-૧ ની ટીમ સહિતનો પોલીસ કાફલો દોડી ગયો અને મોડી રાતે બંને આરોપીને ગોંડલ નજીકથી દબોચી લીધો હત્યાની કલમ હેઠળ કાર્યવાહી મૃતકના બે સંતાનો નોધારા બન્યાં

રાજકોટ તા.૧૦ઃ શહેરના થોરાળા વિસ્તારમાં વર્ષોથી રહેતાં મુળ જેતપુરના પેઢલાના વતની અને હિસ્ટ્રીશીટર મુકેશ અરજણભાઈ ગુજરાતી (ઉ.વ.૪૧)ની આજીડેમ ચોકડી અમુલ સર્કલ નજીક તેની પત્નિના પ્રેમી અને તેના મિત્રએ તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી ક્રુર હત્યા કરી છે. હત્યા બાદ આરોપી મુકેશ મનસુખ મકવાણા રિક્ષા લઇ ગોંડલ ભાગી ગયો હોઇ તેને મોડી રાતે એલસીબી ઝોન-૧ ટીમે દબોચી લીધો હતો. દોઢેક મહિના પહેલા હત્યાનો ભોગ બનનાર મુકેશની પત્નિ પ્રેમી સાગર સાથે જતી રહી હતી.




ગઇકાલે સાંજે ચારેક વાગ્યે પત્ની તેના પ્રેમી સાગર સાથે રિક્ષામાં આવતાં પતિ મુકેશે તે બીજુ ઘર કરી લીધું છતાં અહિ શું કામ આવિ છે કહીં મારવા દોડતાં તેણી ઘરેથી ભાગી ગઇ હતી. બાદમાં તેને શોધવા મૃતક મુકેશ અને સાગર સાથે નીકળ્યા હતાં, પરંતુ તે મળી ન હતી. સોળ વર્ષના દિકરાએ પિતા ઘરે ન આવતાં ફોન જોડતાં ફોન આરોપીએ ઉપાડયો હતો અને કહ્યું હતું કે, મેં તારા પિતાને પતાવી દઇ અમુલ સર્કલ પાસે ફેંકી દીધા છે કહેતાં તેને જાણ પોલીસને કરતાં થોરાળા પોલીસ, ક્રાઇમ બ્રાન્ચ, એલસીબી સહિતનો પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને ગુનો નોંધ્યા બાદ એલસીબી ઝોન-૧ ની ટીમે આરોપીને ગોંડલથી દબોચી લીધો હતો.

બનાવ અંગે જેતપુરના પેઢલા ગામે રહેતાં રામજીભાઇ અરજણભાઇ ગુજરાતીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે સાગર મનસુખ મકવાણાનું નામ આપતાં થોરાળા પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેમની સાથે પિતા અરજણભાઇ (ઉ.વ.૬૦), માતા નીમુબેન (ઉ.વ.૫૫) રહે છે. જ્યારે મોટો ભાઇ મુકેશભાઇ (ઉ.વ.૪૧) તેના પરિવાર સાથે વીસેક વર્ષથી રાજકોટ રહે છે અને તેના પરીવારમાં પત્નિ શોભના અને બે બાળકો સાહિલ (ઉ.વ.૧૬) તથા દેવરાજ (ઉ.વ.૧૦) છે.

ગઇકાલે રાતે આઠેક વાગ્યે તેઓ તેના મિત્ર સાથે પેઢલા ગામે ઘંટી પાસે બેઠા હતાં ત્યારે મિત્ર વિપુલના ફોનમાં ગામના સરપંચ મુકેશભાઇ ગોહેલનો ફોન આવ્યો હતો અને જણાવ્યું કે, તારા ભાઇ મુકેશભાઇનું રાજકોટમાં ખૂન થયું છે તેમ સરપંચને ફોન આવ્યો છે. ત્યારબાદ તેને પોલીસ સાથે વાત કરતાં મોટા ભાઇ મુકેશભાઇનું રાજકોટમાં અમુલ સર્કલ પાસે ૮૦ ફુટ રોડ પર ખૂન થયાની જાણ થતાં માતા-પિતાને વાત કરી હતી. જે પછીબાદ તેઓ પરીવાર સાથે રાજકોટ દોડી આવ્યા અને સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ રૂમે મકુેશભાઇનો મૃતદેહ જોવા મળ્યો હતો. તેના મોઢા પર લોહી હતું. ત્યાં હાજર તેમના ભત્રીજા સાહીલે વાત કરી હતી કે, સાંજે ચારેક વાગ્યે પિતા મુકેશભાઇ ઘરે સુતા હતાં ત્યારે તેમની માતા શોભનાબેન સાથે સાગર મકવાણા રિક્ષા લઇને આવ્યો હતો. તેમની સાથે માતા વાત કરતી હતી ત્યારે પિતા મુકેશભાઇ જાગી જતાં મમ્મીને કહેવા લાગેલા કે, તે બીજુ ઘર કર્યુ છે તો અહિ શું કરવા આવી છો? તેમ કહી પિતા મમ્મીને મારવા જતાં મમ્મી ત્યાંથી ભાગી ગઇ હતી.

બાદમાં હું અને પિતા મુકેશભાઈ, મામા અર્જુનભાઇ તથા સાગર મકવાણા સાથે સાગરની રિક્ષામાં બેસી મમ્મીને શોધવા માટે નીકળ્યા હતાં.

સાંજના છ વાગ્યા સુધી મમ્મીને શોધી હતી પણ તે મળી નહોતી. જેથી તેઓ ઘરે આવી ગયા હતાં. બાદમાં મારા પિતા અને સાગર મકવાણા રિક્ષામાં બહાર જતાં રહ્યા હતાં. તે તેના મામા અર્જુનભાઇ સાથે ઘરે રોકાયા હતાં અને તેમના પિતા મામા અર્જુનભાઇનો ફોન લઇ ગયા હતાં. સાંજે સાતેક વાગ્યે પિતા સાથે મારે વાત કરવા મામા અર્જુનભાઇના ફોનમાં ફોન કરતાં ફોન સાગર મકવાણાએ ઉપાડયો હતો અને કહ્યું કે તારા પિતાને મેં મારીને અમુલ સર્કલ પાસે ૮૦ ફુટ રોડ પર ફેંકી દીધા છે તેમ કહીને સાગરે ફોન કાપી નાખ્યો હતો.

ભત્રીજા સાહિલે વધુમાં જણાવ્યું હતું કે, જેથી તે અને તેનો નાનો ભાઈ અમુલ સર્કલ પાસે રિક્ષામાં ગયા હતાં. ત્યાં માણસોના ટોળા અને પોલીસ પણ આવી ગઇ હતી. તેમજ ફરિયાદીએ વધુમાં ઉમેર્યું કે, દોઢેક મહિના પહેલા તેમના મૃતક ભાઈની પત્ની તેમને મુકીને સાગર મકવાણા સાથે રહેવા જતી રહી છે, ત્યારથી સાગર અને મુકેશભાઈ વચ્ચે ઝઘડા થતાં હતાં. સાગરને શોભના સાથેના પ્રેમસંબંધમાં મુકેશભાઇ અડચણરૂપ બનતો હોવાથી તે વારંવાર ઝઘડા તકરાર કરતો હતો. જે કારણે ગઇકાલે સાગરે મોટા ભાઇ મુકેશ ગુજરાતીને હથીયારના ઘા ઝીંકી તેની હત્યા નિપજાવી હતી.

---

# અટીકા ઈન્ડસ્ટ્રીઝ એરીયાનાં નામચીન બુટલેગરનાં બંધ મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

રાજકોટઃ રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચે ઢેબર રોડ અટીકા ઈન્ડ.એરીયામાં નામચીન બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂ બોટલ નંગ-૬૮ કબ્જે લઈ નાસી છુટેલા બુટલેગર વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે. રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચનાં પી.આઈ.એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, પો.સબ.ઈન્સ. વી.ડી.ડોડીયા પેટ્રોલીન દરમિયાન હેડ કોન્સ અમીતભાઈ અગ્રાવત, વિશાલભાઈ દવે, પ્રદિપસિંહ જાડેજાને મળેલી બાતમી આધારે ઢેબર રોડ અટીકા ઈન્ડસ્ટ્રીઝ શેરી નં.૮માં નામચીન બુટલેગર વિજય અશોકભાઈ આત્રેસાના મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની બોટલ નંગ ૬૮ કિ.રૂ.૩૪૦૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.રેઈડ દરમિયાન વિજય આત્રેસા નાસી છુટયો હતો.જેને ઝડપી લેવા તપાસ આગળ ધપાવી છે.રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ પોલીસ ઈન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા તથા પોલીસ ઈન્સ્પેકટર એમ.એલ.ડામોર તથા પોલીસ સબ ઈન્સ્પેકટર વી.ડી.ડોડીયા, તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ રૂપાપરા, અમીતભાઈ અગ્રાવત, દિપકભાઈ ચૌહાણ, યુવરાજસિંહ ઝાલા, મયુરભાઈ મિયાત્રા રાજેશભાઈ જળુ તથા પોલીસ કોન્સ્ટેબલ પ્રદિપસિંહ જાડેજા અશોકભાઈ ડાંગર વિશાલભાઈ દવેનાઓ દ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

# અઢી કરોડની છેતરપીંડીમાં આગોતરા જામીન ફગાવતી સેશન્સ કોર્ટ

## રાજકોટની સોની બજારમાં આવેલ શ્રી બંસીધર જ્વેલર્સના વેપારી સાથે રૂા.૨,૫૬,૧૨,૯૩૨ની કિંમતનું ૩૮૧૬.૮૪૦ ગ્રામ સોનુ વિશ્વાસઘાત કરી, ઠગાઈ કરીને લઈ જવાના ગુનામાં આરોપી ગૌરાંગદાસ તરુણદાસની આગોતરા જામીન અરજી નામંજુર કરતી સેશન્સ કોર્ટ

રાજકોટ,તા.૧૦: ફરીયાદી આશીષભાઈ જાદવભાઈ નાંઢા રહે. લક્ષ્મીવાડી મેઈન રોડ, નરેન્દ્ર પેલેસ એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.૧૦૧, રાજકોટ વાળા આશરે ૨૫ વર્ષથી શ્રી બંસીધર જ્વેલર્સના નામથી સોની બજાર જુની ગંધીવાડ, સોના ચેમ્બરની બાજુમાં, શ્રધ્ધા કોમ્પ્લેક્ષમાં સોનીકામ કરે છે. ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો, આરોપી ગૌરાંગદાસ તરુણદાસ તથા તેમના ભાઈ સૌરભદાસ તરુણદાસ રહે.અમૃતવિલા એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૪૦૨, સુખસાગર સોસાયટી ભગવતીપરા, રાજકોટ વાળા બંનેએ એકબીજા સાથે મીલાપીપણું કરીને ફરીયાદીને જણાવેલ કે, ''મારી પાસે ગુજરાત બહારના તથા ગુજરાતના સારા સારા વેપારી છે તો તમે જો મેટલ રોકો તો આપડે વેપારીઓને કહીને મોટે પાયે કામ ચાલુ કરીએ.'' તેવી વાતો કરીને વિશ્વાસમાં લઈને ફરીયાદીની દુકાનમાં બંને ભાઈઓએ કામ શરૂ કરેલ હતું અને શરૂઆતમાં ફરીયાદીની સાથે વ્યવસ્થિત રીતે કામ કરી અને વેપારીઓ સાથે ફોનમાં વાત કરાવીને ફરીયાદીનો વિશ્વાસ કેળવી ફરીયાદી પાસેથી અલગ અલગ તારીખે અને સમયે કુલ ૩૮૧૬.૮૪૦ ગ્રામ ફાઈન સોનુ જેની


એડવોકેટ: દીલીપ પટેલ

આશરે કિંમત રૂા.૨,૫૬,૧૨,૯૩૨(અંકે રૂપીયા બે કરોડ છપ્પન લાખ બાર હજાર નવસો ભત્રીસ પુરા)નુ સોનુ દાગીના બનાવવા માટે આપેલ હતુ અને આરોપી ગૌરાંગદાસે ફરીયાદીને કહેલ કે, મારી પત્નિની તબીયત ખરાબ છે જેથી હું તેને દવાખાને લઈ જવાનું છુ અને કાલે હુ વર્કશોપ ઉપર આવીશ નહી. ત્યારબાદ બીજા દીવસે બંને આરોપીઓ ખોટા બહાનો કરીને ઘરને તાળા મારીને ભાગી ગયેલ હતા અને બંનેએ પોતાના મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી નાખેલ હતા. જેથી ફરીયાદીની સાથે આરોપીઓએ ફરીયાદીની સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કરેલ હોય, જે અંગેની ફરીયાદ ફરીયાદીએ


એડવોકેટ: કલ્પેશ નસીત

એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ.ની કલમ-૩૧૬(૪), ૬૧ મુજબ ફરીયાદ નોંધાવેલ હતી. ઉપરોક્ત ગુનાના કામે આરોપી ગૌરાંગદાસ તરૂણદાસે નામદાર સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરેલ હતી. જે આગોતરા જામીન અરજીમાં આરોપી પોતે નિર્દોષ હોવાનું અને પોલીસે આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલ હોવાની વિગતો જણાવેલ હતું. આરોપીએ કરેલ આગોતરા જામીન અરજી સામે મુળ ફરિયાદીના વકિલશ્રી દ્વારા આગોતરા જામીન અરજી નામંજુર કરવા માટે વિગતવારના જવાબ વાંધાઓ રજુ કરી અને એવી દલીલો કરેલ હતી કે, આરોપીએ ફરીયાદીને વિશ્વાસમાં લઈને તેમની પાસેથી કરોડો રૂપીયાનું સોનુ લઈને ભાગી ગયેલ છે. જે સોનુ હજુ સુધી રીકવર કરવાનુ બાકી છે. આરોપીએ પ્રિ-પ્લાનિંગ કરી સી.સી.ટી.વી.ના ડી.વી.આર.માંથી કનેક્શન કાપી નાખી બનાવ સ્થળેથી આ કામના આરોપી તથા તેનો ભાઈ ઉપરોક્ત કિંમતી સોનુ લઈને ફરાર થઈ ગયેલ. સરકારી વકિલશ્રીની દલીલો તથા પોલીસ દ્વારા રજુ કરવામાં આવેલ સોગંદનામુ તથા મુળ ફરીયાદ પક્ષે રજૂ કરેલ દલીલોના આધારે નામદાર કોર્ટે અવલોકન કરેલ છે કે, આરોપી હરીયાદ નોધાયા બાદ ફરાર છે. આરોપી ફરીયાદીની સાથે કામ કરતો હતો, ફરીયાદીને વિશ્વાસમાં લીધેલ હતો. આરોપીએ સોનાના જથ્થો કે સોનાના દાગીના પરત કરેલ નથી કે રૂપીયા પરત કરેલ નથી, આરોપી ગુજરાત રાજયનો રહેવાસી નથી અને ગુનાની ગંભીરતા અને કથિત ભુમીકાને ધ્યાને આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરવાનો હુકમ કરેલ છે. આ કામે ફરીયાદી આશીષ જાદવજીભાઈ નાંઢા તરફે સૌરાષ્ટ્રના સુપ્રિસધ્ધ ધારાશાસ્ત્રીશ્રી દીલીપ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનીતા રાજવંશી તથા સરકાર તરફે કમલેશ ડોડીયા રોકાયેલ હતા.

# યાજ્ઞિક રોડ સબ રજીસ્ટાર કચેરી ખાતે કારમાં આગ ભભૂકી અફરાતફરીનો માહોલ

રાજકોટ, તા.૧૦: યાજ્ઞિક રોડ સબ રજીસ્ટાર કચેરી ખાતે કારમાં આગ ભભૂકી હતી. જેથી અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કાર માલિક ભાવેશભાઈ જેસીંગભાઈ રાઠોડએ જણાવ્યું કે, તેઓ નિર્માલા રોડ પર અંજલી રેસ્ટોરન્ટ નામે વેપાર ધંધો કરે છે. આજે સવારે ૧૧ વાગ્યા આસપાસ તેઓ યાજ્ઞિક રોડ પર આવેલ સબ રજીસ્ટાર કચેરી ઝોન ૩ ખાતે દસ્તાવેજ નોંધણીનાં કામ અર્થે પોતાની જીજે 03 જેઆર 0111 નંબરની ક્રેટા કાર લઈને ગયા હતા.

કાર રજીસ્ટાર કચેરીના ગ્રાઉન્ડમાં પાર્ક



કરી હતી. થોડી વારમાં જ અચાનક કારનું પાછળનું વ્હીલ સળગવા લાગ્યું હતું. તેમણે તુરંત ફાયર બ્રિગેડને કોલ કર્યો હતો અને રજીસ્ટાર કચેરીમાં રાખેલા ફાયર એક્ઝીગ્યુસર વડે આગ ઠારવા પ્રયાસ કરેલો પણ ફાયર એક્ઝીગ્યુસર ચાલ્યું નહોતું. જેથી આગ વધુ પ્રસરી ગઈ હતી.

આ તરફ ફરી બ્રિગેડના જવાનો બલદેવભાઈ, કેતનભાઈ, નાજુભાઈ, રાજેન્દ્રભાઈ, અજયભાઈ વગેરે દોડી ગયા હતા. પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી જોકે ત્યાં સુધીમાં આગમાં કાર ખાખ થઈ ગઈ હતી. કાર સાથે ગાડીના દસ્તાવેજ પણ અંદર જ રહી ગયા હોય સળગી જવા પામ્યા હતા. કાર માલિકે જણાવ્યું કે, સબ રજીસ્ટાર કચેરીના ફાયર સાધનો સમયસર કામ આવ્યા નહોતા. કારના ટાયર પાસે વૃક્ષના સૂકા પાંદડા પડ્યા હોય, તેમાં કોઈએ સળગતી સિગારેટ બીડી નાખી હોય અને નાના સ્વરૂપે લાગેલી આગે મોટુ રૂપ લીધું હોય તેવું અનુમાન છે.

# 'પુષ્પા ૨'માંથી શેખાવત શબ્દ હટાવવાની માગ, કરણી સેનાએ ફિલ્મના મેકર્સને ઘરમાં ઘૂસીને જવાબ આપવાની તૈયારી દર્શાવી

## વર્ષોથી રાજકીય ક્ષેત્રે ક્ષત્રીય સમાજની ઘોર ઉપેક્ષા થાય છે આટલું જ નહીં, ગુજરાતની ભાજપ સરકાર ક્ષત્રિયો પર સતત પ્રહારો ઉપર પ્રહારો કરી રહી છે

આગામી ૨૨ ડિસેમ્બરના રોજ અમદાવાદ ખાતે ગુજરાતના તમામ ક્ષત્રિયોને એક મંચ પર લાવવા માટે ક્ષત્રિય એકતા મહાસંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભૂતકાળમાં ક્ષત્રિય સમાજ સાથે જે પણ ઘોર ઉપેક્ષા કરવામાં આવી છે, તે ઉપેક્ષા અને પ્રહારોનું ભવિષ્યમાં પુનરાવર્તન ના થાય, તેને સુનિશ્ચિત કરવા માટે ગુજરાતના તમામ ક્ષત્રિયો એક મંચ પર આવી રહ્યા છે અને મંથન કરીને જેટલી પણ ઉપેક્ષાઓ થઇ છે તેને રોકવાનું કાર્ય કરવા જઈ રહ્યા છે. આ અંગે વિગતો આપતા ક્ષત્રિય કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવતે જણાવ્યું કે, વર્ષોથી રાજકીય ક્ષેત્રે ક્ષત્રીય સમાજની ઘોર ઉપેક્ષા થાય છે. આટલું જ નહીં, ભાજપના વરિષ્ઠ મંત્રી દ્વારા ક્ષત્રાણીઓ વિષે નિંદનીય ટીપ્પણી કરવામાં આવી હતી, એ પછી સમાજે તેમની ટિકિટ રદ કરવાની માંગ કરી



હતી, પરંતુ ટિકિટ રદ કરવામાં આવી નહતી.

જે બાદ જયારે અમે લોકો મેદાને ઉતર્યા, તો અમારી જે પાઘડી છે તેનું અપમાન કરવામાં આવ્યું હતું. આ સાથે સાથે જયારે અમે ક્ષત્રીય મહાસંમેલનની યાત્રા પર નીકળ્યા, ત્યારે અમારી કંપનીનું લાયસન્સ રદ કરી દેવામાં આવ્યું હતું. એટલે ગુજરાતની ભાજપ સરકાર ક્ષત્રિયો પર પ્રહારો ઉપર પ્રહારો કરી રહી છે. એ પ્રહારોને રોકવા માટે અમે આ સંમેલનનું આયોજન કર્યું છે. ભવિષ્યમાં આ પ્રહારોને રોકવાનું અમારું એ દાયિત્વ છે અને તે માટે આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે

આ મહાસંમેલનમાં ગરાસદાર, કાઠી, કારડીયા, નાડોદા, હાટી, મહિયા, જાગીરદાર અને ઠાકોર વગેરે ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે લાખોની સંખ્યામાં એ દિવસે ક્ષત્રિયો ઉપસ્થિત થવાના છે . આજે હું સુરતની યાત્રા પર છું આમંત્રણ આપવા ચોખા કંકુ લઈને આવ્યો છું અને આખા ગુજરાતમાં તમામ જિલ્લાઓમાં અને ગામડે ગામડે આમંત્રિત કરવા આવ્યો છું એટલે ગુજરાતના તમામ ક્ષત્રિયો એ મંચ પર આવવાના છે

'પુષ્પા' જે ફિલ્મ આવી છે, તેમાં ભવરસિંહ શેખાવતનું જે પાત્ર છે, તેમાં શેખાવત શબ્દનું સતત અપમાન કરવામાં આવ્યું છે એને અભદ્રતાથી પ્રસ્તુત કરવામાં આવ્યું છે. પુષ્પા ફિલ્મના નિર્દેશક,નિર્માતા છે, તેઓને કરણી સેના ઘરમાં ઘૂસીને જવાબ આપવા તૈયાર છે.

હું તમામ કરણી સેનાને કહેવા માંગુ છું કે, જ્યાં નિર્માતા નિર્દેશક દેખાય તેઓની ત્યાં ઠુકાઈ કરવાની છે, કારણ કે બહુ થયું. વર્ષોથી ક્ષત્રિય સમાજનું અપમાન વિચારોની અભિવ્યક્તિના નામે આ ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ વાળા કરતા આવ્યા છે, હવે આ અપમાન સહન નહી કરીએ. અમે આ ફિલ્મનો વિરોધ નથી કરતા, પરંતુ ફિલ્મમાં જે ક્ષત્રિયોની શેખાવત જાતિનું જે અપમાન કરવામાં આવ્યું છે, તે અપમાન બંધ કરવામાં આવે. જો આ શબ્દ ફિલ્મમાંથી કાઢવામાં નહી આવે તો કરણી સેના દરેક મોરચે કાર્ય કરવા માટે તૈયાર છે. અગાઉ 'પદમાવત' વખતે પણ અમે આવો વિરોધ કરી જ ચૂક્યા છીએ.

# સજાના ૧૪ વર્ષ પૂર્ણ કરનાર ૧૮ કેદીના નામ વહેલી જેલ મુકિતના અભિપ્રાય માટે રજુ કરાયા

### કલેક્ટર પ્રભવ જોશીએ જેલની મુલાકાત લીધી, જેલ સલાહકાર સમિતિની બેઠક મળી



રાજકોટ તા.૧૦: આઈપીસી ૪૩૨-એ તથા બીએનએસ ૪૭૩ મુજબ આજીવન કેદની સજા વાળા કેદીઓ દ્વારા ૧૪ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા કેદીઓને જેલ સલાહકાર સમિતિ દ્વારા સમીક્ષા કરી સરકાર દ્વારા સજાની માફી આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તા.૯/૧૨/૨૦૨૪ના જીલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને જેલ સલાહકાર સમિતિનું આયોજન કરવામાં આવેલ હતું.

આ મીટીંગમાં સભ્ય સચિવ તરીકે રાજકોટ મધ્યસ્થ જેલ અધિક્ષક રાઘવ જૈન, તેમજ સભ્યો તરીકે ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા, દર્શીતાબેન શાહ, ડિસ્ટ્રીકટ જજ વતી ૪થા એડી. સેશન્સ જજ વી.એ. રાણા, પોલીસ કમિશનર વતી નાયબ પોલીસ કમિશ્નર જગદીશ બાંગરવા, સમાજ કલ્યાણ અધિકારી બારોટ તેમજ સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહેલ હતા. આ સમિતિમાં ૧૪ વર્ષ પૂર્ણ કરેલ પાકા કામના ૧૮ પુરૂષ બંદીવાનોના કેસ સમિતિ સમક્ષ અભિપ્રાય માટે રજુ કરવામાં આવેલ હતા. ઉકત તમામ કેસ પોલીસ મહાનિરીક્ષક જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજય મારફતે સરકારમાં મંજુરી અર્થે મોકલવામાં આવશે. અત્રેની જેલના સિનિયર ચેલર (જયુડી) એમ.આર. ઝાલા તેમજ જયુડીશ્યલ શાખાના જેલર વી.કે. પારધી તથા તેઓની ટીમે સમિતિને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ હતી. વધુમાં કલેકટરના અધ્યક્ષસ્થાને જેલ મુલાકાતી સમિતિનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્યો રાજકોટના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠહેડ, તેમજ સરકાર દ્વારા નિમવામાં આવેલ સરકારી તથા બીનસરકારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જે અન્વયે જીલ્લા કલેકટર દ્વારા સબંધીતો વિભાગોને જરૂરી સુચનાઓ કરી હકારાત્મક અભિગમ દાખવવામાં આવેલ હતો. કમિટીના દ્વારા જેલની અંદર રાઉન્ડ લઈ બંદીવાનોની રજુઆતને સાંભળવામાં આવેલ હતી. જેલની શિસ્ત અને સલામતીની કામગીરી અને ઉદ્યોગ વિભાગની કામગીરીને બિરદાવેલ હતી. સમિતિના સમાપનમાં રાજકોટ મધ્યસ્થ જેલ અધિક્ષક રાઘવ જૈનનાઓ દ્વારા આમંત્રિત તમામનો આભાર વ્યકત કરી સમિતિની બેઠકનું સમાપન કરેલ હતું.

# સુરક્ષિત પાટાઓ અને સ્માર્ટ ટ્રેનો 'ભવિષ્યમાં વધુ સુરક્ષિત યાત્રાઓ'

વિતેલા દાયકામાં કરવામાં આવેલી સુવ્યવસ્થિત શરૂઆતોના મહત્વપૂર્ણ પરિણામો સામે આવવાથી રેલગાડીઓ પર હવે ભારતીયો પહેલાથી ઘણા વધારે સુરક્ષિત છે. આ વાત વિશેષરૂપે પ્રશંસનીય એટલે પણ છે, કારણ કે કોઈ પણ અન્ય દેશ પ્રત્યેક વર્ષે ૧ લાખ કરોડ યાત્રી કિલોમીટર (પીકેએમ) અને લગભગ ૬૮૫ કરોડ રેકોર્ડ યાત્રીઓનું રેલવે મારફતે અવરજવર કરાવનાર ભારતથી વધુ લોકોનું રેલવે મારફતે અવરજવર કરાવતો નથી. આ સિદ્ધિ અનન્ય છે, ત્યાં સુધી કે પાડોશી દેશ ચીન પણ પોતાના વિશાળ રેલવે નેટવર્ક અને તુલનાત્મક વસ્તી આકાર છતાં મહાપરાણે અડધા યાત્રીએ (વાર્ષિક લગભગ ૩૦૦ કરોડ) ની જ અવરજવર કરાવે છે.

સુરક્ષામાં નોંધપાત્ર સુધારો ગંભીર ઘટનાઓની ઓળખના મુખ્ય સંકેતો મહત્વપૂર્ણ રેલવે દુર્ઘટનાઓની સંખ્યા ભારે ઘટાડાથી જાહેર છે, જેમની સંખ્યા વર્ષ ૨૦૦૦-૦૧ માં ૪૭૩ થી ઘટીને વર્ષ ૨૦૨૩-૨૪ માં ફક્ત ૪૦ રહી ગઈ. આ સુધારો પાટાઓને બહેતર બનાવવા, માનવરહિત લેવલ ક્રોસિંગને સમાપ્ત કરવા, પુલોની સ્થિતિની નિયમિત દેખરેખ કરવાથી અને સ્ટેશનોને ડિજિટલ બનાવવા વગેરેની દિશામાં કરવામાં આવેલા કેન્દ્રિત પ્રયત્નોના મારફતે શક્ય થયું છે.

યાત્રીઓની સંખ્યા અને પાટાઓની લંબાઈ પર ધ્યાન કરવાથી આ સિદ્ધિ વધુ પ્રભાવશાળી થઈ જાય છે. કોઈપણ દિવસે સરેરાશ, ૨ કરોડથી વધુ લોકો ૭૦,૦૦૦ રૂટ કિલોમીટર (આરકેએમ) લાંબા નેટવર્ક પર યાત્રા કરે છે. પીક સિઝનમાં આ સંખ્યા પ્રતિદિવસ ૩ કરોડ સુધી પહોંચી જાય છે, જે એક અન્ય વિશ્વ રેકોર્ડ છે.

હકીકતમાં આનો આશય એ છે કે ભારત પ્રત્યેક દિવસે પોતાની લગભગ ૨ ટકા વસ્તીની સુરક્ષિત રીતે રેલવે મારફતે અવરજવર કરાવે છે, જ્યારે આની સરખામણીમાં ચીન ફક્ત ૦.૫૮ ટકા અને અમેરિકા ૦.૦૯ ટકા લોકોની ટ્રેન દ્વારા અવરજવર કરાવે છે.

લગભગ દોષરહિત સુરક્ષા રેકોર્ડ છતાં, રેલવે દુર્ઘટનાઓ વિશ્વભરમાં એક ગંભીર વાસ્તવિકતા છે. જોકે કોઈપણ રેલવે સિસ્ટમ માટે આદર્શ સ્થિતિ શરૂઆતથી જ એક પણ દુર્ઘટના ન થવા દેવી છે, પરંતુ કોઈ પણ પ્રમુખ નેટવર્ક આ સ્થિતિને પ્રાપ્ત કરી શક્યું નથી. ભારતીય રેલવે (આઈઆર) નેટવર્કના ફક્ત ચોથા ભાગ જેટલા ઓસ્ટ્રેલિયન રેલવેમાં નાણાંકિય



વર્ષ ૨૦૨૨-૨૩ માં રેલગાડીઓના પાટા પરથી ઉતરી જવાની ૫૨ ઘટનાઓ નોંધવામાં આવી. આ રીતે, ભારતીય રેલવેથી લગભગ બમણા આકારના ૨,૬૦,૦૦૦ ટ્રેક કિલોમીટર (ટીકેએમ) વાળા અમેરિકન રેલવે નેટવર્કમાં એ જ વર્ષે રેલગાડીઓની પાટા પરથી ઉતરી જવાની ૧,૩૦૦ ઘટનાઓ નોંધવામાં આવી. ૨,૦૦,૦૦૦ ટીકેએમ વાળા યુરોપીયન સંઘ નેટવર્ક (ભારતીય રેલવેના ૧.૫ ગણા) માં ૨૦૨૨ માં ૧૫૬૮ દુર્ઘટનાઓ થઈ. પોતાના સમકક્ષોની જેમ, ભારતીય રેલવેમાં પણ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રેલગાડીઓના પાટાથી ઉતરી જવાની ઘટનાઓ નોંધવામાં આવી, પરંતુ આ ઘટનાઓ ઘણી ઓછા ૧૩૭ ના સ્તરે રહી.

આ સંખ્યા વિકસિત દેશોની સરખામણીમાં ભારતીય રેલવેના જબરદસ્ત સુરક્ષા પ્રદર્શનનું પ્રમાણ છે અને કેટલાક વર્ષોથી ઈચ્છનીય સ્તરથી ઓછું મૂડીગત વ્યય, અમલદારશાહી, રાજનીતિકરણ અને ભ્રષ્ટાચારના લીધે સુષુપ્ત અવસ્થામાં રહેવા છતાં શક્ય થયું છે. પરંતુ પાછલા કેટલાક દાયકાઓમાં ફેલાયેલી બદીઓની ગંદકીને સારા પ્રશાસનના એક અથવા બે કાર્યકાળમાં ધોઈ ન શકાય.

છતાં આઈઆર મિશ્ર વાહનવ્યવહાર મોડલનો ઉપયોગ કરે છે, વિદેશોમાં કેટલાય રેલવે માલ અને ઉતારૂ રેલગાડીઓ માટે અલગ-અલગ ટ્રેકનો ઉપયોગ કરે છે. આનો સારાંશ છે કે ભારતમાં દરેક દુર્ઘટના માટે રેલવે યાત્રી સુરક્ષાના ગંભીરરૂપના જોખમમાં પડવાની શક્યતા ઘણી વધારે છે. દુર્ઘટનાઓના મૂળ કારણને તરત જ દૂર કરવું અને રેલગાડીના પાટાથી ઉતરવાથી મુક્ત રેલવે નેટવર્ક હાંસલ કરવું અત્યંત મહત્વપૂર્ણ છે. આના માટે માનવીય ઈન્ટરફેસને ઘટાડવા અને પ્રણાલીગત વિશ્વનીયતામાં સુધારો કરવા માટે મહત્વપૂર્ણ ટેકનિકલ શરૂઆતની જરૂરીયાત રહેશે.

યાત્રી સુરક્ષાને પ્રાથમિકતા આપવા પર ભાર મુકતાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સુરક્ષાથી જોડાયેલી પરિયોજનાઓમાં ૧ લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે અને ચાલુ નાણાંકિય વર્ષમાં એનાથી વધારે ખર્ચ કરવાની યોજના છે. આનો ઉદ્દેશ ટ્રેનો, પુલો, પાટાઓ અને સિગ્નલિંગ સિસ્ટમની ઉત્તમ જાળવણીની સાથે-સાથે ઓવરબ્રિજ અને અંડરબ્રિજના નિર્માણ દ્વારા પાટાઓની પાસે બહેતર માર્ગ સુરક્ષાની વ્યવસ્થા છે.

રેલવે સુરક્ષા પ્રદર્શનનું એક સૂચક આંક પ્રતિ મિલિયન ટ્રેન કિલોમીટર દુર્ઘટના (એપીએમટીકે) ની સંખ્યા વર્ષ ૨૦૦૦-૦૧ માં ૦.૬૫ થી ઘટીને ૨૦૨૩-૨૪ માં ૦.૦૩ થઈ ગઈ છે. આ આધુનિક, અત્યાધુનિક ટ્રેક જાળવણી અને નવીનતમ મશીનોનો ઉપયોગ કરીને બહેતર ટ્રેક જાળવણી કરવાનું પ્રશંસનીય પરિણામ છે. આના સિવાય પાટાની ખામી શોધવામાં સુધારો, રેલ વેલ્ડ સંબંધિત ત્રુટીઓ પર અંકુશ અને માનવીય ત્રુટીઓને ઓછી કરવા માટે અપગ્રેડેડ ટેકનીક સહિત કેટલાક વધારાના ઉપાયો પણ કરવામાં આવ્યા છે.

આ પરિણામોને જાળવી રાખવા અને વધુ ઉત્તમ બનાવવા ટેકનીકલ દખલગીરી અને લક્ષ્યાંકિત પ્રશિક્ષણનું સંયોજન અપનાવવામાં આવ્યું છે.

પાટાઓની જાળવણી માટે આધુનિક મશીનોની ઉપસ્થિતિ ૨૦૧૩-૧૪ દરમિયાન ૭૦૦ થી વધારીને આ વર્ષે ૧,૬૬૭ કરવામાં આવી છે, જેનાથી પાટાઓની જાળવણીમાં સુધારો થયો છે. સંપત્તિની વિશ્વસનીયતાને વધારવા માટે સંપૂર્ણ નેટવર્કમાં રેલવે ગ્રાઈન્ડીંગ પણ લાગુ કરવામાં આવ્યું છે.

રેલવે સંચાલન માટે ગંભીર સુરક્ષા જોખમ ઉત્પન્ન કરનારી તોફાની પ્રવૃત્તિઓને અટકાવવા અને ભાંગફોડ, પાટાઓથી છેડછાડ, તથા પાટાઓ પર અસંબંધિત વસ્તુઓ રાખવા જેવી સમસ્યાઓના નિવારણ માટે હવે પાટાઓ પર સતત દેખરેખ રાખવામાં આવે છે.

સુરક્ષા શરૂઆતનો એક મુખ્ય આધાર લોકો પાયલોટોને ખરાબ દ્રશ્યતાવાળા હરીયાળીથી ઘેરાયેલા વિસ્તારોમાં નેવિગેટ કરવામાં સહાયતા આપવા માટે જીપીએસ-આધારિત ફૉગપાસ ડિવાઈસની સંખ્યા વધારવાનો છે. વર્ષ ૨૦૧૪-૧૫ માં ફક્ત ૯૦ જીપીએસ-આધારિત ફૉગપાસ ડિવાઈસની સરખામણીમાં હવે આમની સંખ્યા ૨૧,૭૪૨ થઈ ગઈ છે.

પાયલોટની સતર્કતા વધારનારા સતર્કતા નિયંત્રણ ઉપકરણ (વીસીડી) તમામ એન્જિનોમાં લગાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૩-૧૪ માં આમની સંખ્યા ૧૦,૦૦૦ થી પણ ઓછી હતી, જે આજે વધીને ૧૬,૦૨૧ થઈ ગઈ છે. બ્રોડ ગેજ માર્ગો પર ૬,૬૩૭ સ્ટેશનોમાંથી ૯૯ ટકાથી વધુ પર પેનલ ઈન્ટરલોકિંગ, રૂટ રિલેઈન્ટરલોકિંગ અને ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ જેવી અપગ્રેડેડ સિગ્નલિંગ સિસ્ટમ્સની જોગવાઈ કરવામાં આવી છે.

આ સિવાય, ડ્રાઈવીંગ કૌશલ અને રિએક્શન ટાઈમને સુધારવા માટે લોકો-પાયલોટ હવે સિમ્યુલેટ-આધારિત (સિમ્યુલેટીંગ ફિલ્ડ એક્સપીરીઅન્સ) થી પસાર થાય છે, જ્યારે ફ્રન્ટ લાઈન સ્ટાફને અગ્નિશમનનું પ્રશિક્ષણ મળે છે. સરવાળે, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૬ લાખથી વધુ રેલવે કર્મચારીઓએ વિવિધ પ્રકારના પ્રશિક્ષણ, આરંભિક, પ્રમોશનલ, રિફ્રેશર અને વિશેષ પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યા.

માનવ સુરક્ષા સિવાય, ભારતીય રેલવે દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ પાટાઓના છેડે ૬,૪૩૩ કિલોમીટર (કિ.મી.) વાડ લગાવીને વન્યજીવ અને પશુધનની સુરક્ષા પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ઓગસ્ટ ૨૦૨૪ સુધી આમાંથી ૧,૩૯૬ કિલોમીટર ઉપર કામ પૂરું થઈ ચુક્યું છે, જેનાથી આ માર્ગો પર પશુઓના ટકરાવાની ઘટનાઓમાં ઘટાડો થશે.

આ ઉપાયોના પૂરક રૂપે, વધારે સુરક્ષિત લિંકે-હૉફમેન-બુશ (એલએચબી) કોચ પણ રજૂ કરવામાં આવ્યા છે, જેમનામાં દુર્ઘટના વખતે ઉતારૂને સુરક્ષિત રાખવાની ઉત્તમ વિશેષતાઓ હાજર છે. એમને એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે કે અથડામણ થવા પર આ કોચ બીજા કોચ પર નથી ચઢી જતા, જેને પરિણામે રેલગાડી પાટા પરથી ઉતરવાની અને યાત્રીઓને ઈજા થવાની આશંકા ઓછી થઈ જાય છે. એલએચબી કોચ ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાક સુધીની ગતિ પર સુરક્ષિત સંચાલન માટે બનાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં ૪,૯૭૭ એલએચબી કોચીઝના નિર્માણની સાથે એમના ઉત્પાદનમાં ઘણો વધારો થયો છે,

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા




## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

*હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ*

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**જીવનમાં જો તમને કોઈ રોકવા ટોકવા વાળું હોય,
તો દિલ થી તેનો આભાર માનજો સાહેબ, કારણ કે
જે બગીચામાં માળી નથી હોતો, એ બાગ જલ્દી ઉઝડી જાય છે.
સબંધોની ગરિમા જાળવીએ અને કર્મો પ્રત્યે સદાય સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

*ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ*

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો
મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા


તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે
કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper

## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...







**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**


RAVI ENGLISH INSTITUTE
®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઇઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઇચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઇલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઇન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306



॥ શ્રી ગુરૂ દત્તાત્રેયજી ॥



॥ શ્રી ગણેશાય નમઃ ॥



॥ શ્રી ગાયત્રી માતાજી ॥

# ભાવભર્યું આમંત્રણ

વેદમાતા શ્રી ગાયત્રી માતાજી, શ્રી લક્ષ્મી માતાજી તેમજ
શ્રી સરસ્વતી માતાજીની અસીમ કૃપાથી શ્રી ગુરૂદત્ત જયંતિ નિમિત્તે

## ગુરૂપૂજન

સં. ૨૦૮૧, માગશર સુદ ૧૫, રવિવાર, તા. ૧૫–૧૨–૨૦૨૪ના
શુભ દિને આયોજન કરેલ છે. તો આ પાવન અને પવિત્ર પ્રસંગે
સર્વે સેવકગણ તથા ભકતજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

ગુરૂ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગુ પાય.
બલિહારી ગુરૂ આપની, ગોવિંદ દિયો બતાય.



## પૂજ્ય ગુરૂદેવ શ્રી લાલબાપુ

**ગુરૂ પૂજન** : સવારે ૬–૦૦ થી મોડી સાંજ સુધી.
**ભોજન પ્રસાદ** : સવારે ૧૦–૦૦ થી મોડી રાત્રિ સુધી.

● નિમંત્રક ●

**પૂ. શ્રી રાજુ ભગત**
**પૂ. શ્રી દોલુ ભગત**
**શ્રી ગાયત્રી આશ્રમ સેવા સમિતિ**
શ્રી ગાયત્રી આશ્રમ, ગઢેથડ,
તા. ઉપલેટા, જિ. રાજકોટ.

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet


એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM
TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062